મુસલમાની રાજ્યનો ટુંક હેવાલ.

ઇંગ્રેજી ચોથા ધોરણના વિદ્યાર્થિઓ સારૂ

કેટલાક પ્રશ્નો સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રણછોડભાઈ કૃષ્ણજીવન વ્યાસ,

સોજીત્રી તા. પેટલાદની એ. વ. નિ. મેહેતાજી

તથા

નારણદાસ કીશોરભાઈ પટેલ,

ઉમરેઠ એ. વ. ની. શા. ના. માસ્તર.

૨૨૨૫

અમદાવાદ

આર્યોદય પ્રેસમાં છાપ્યો.

સને ૧૮૮૫—સંવત ૧૯૪૨.


કીમત ૦-૫-૩.

મુસલમાની રાજ્યનો ટુંક હેવાલ.

ઊંચા ચોથા ધોરણના વિદ્યાર્થિઓ સારૂ
કેટલાક વધારા સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રણછોડભાઇ હરજીવન વ્યાસ.
સીલુડી તા. નાંદોદની સ. ગુ. નિ. મેહેતાજી
તથા
નારણદાસ કીશોરભાઇ પટેલ
ઉમેરેઠ એ. ૧ ની. સ્કુ. આ. માસ્તર.



અમદાવાદ
આર્યોદય પ્રેસમાં છાપ્યો.

સને ૧૮૮૫—સંવત ૧૯૪૧.

કીંમત ૦-૫-૩.

સૂચના.

આ ચોપડી ઉંચા ધોરણની નિશાળોમાં ચોથું ધોરણ શિખનારા વિદ્યાર્થીઓને ઘણી ઉપયોગી થઇ પડશે. એમ ધારી કેટલાક ઇતિહાસોના આધારથી ટુંક મુદતમાં લખી કાઢીછે. અમારો આ પ્રયત્ન પેહેલ વેહેલોજ હોવાથી આમાં કેટલીક જાતની ભૂલો હશે ખરી પણ તે વાંચનારાઓએ દર ગુજર કરી સુધારી લેવા મેહેરબાની કરવી.

આ ઇતિહાસ શિખવતા પેહેલાં શિક્ષકોએ હિંદુસ્તાનનો નકશો પાસે રાખવો. જે રાજાઓનું વૃતાંત આ ચોપડીમાં ઘણુંજ ટુંકું હોય, તો તે વિષેનું જ્ઞાન બીજા ઇતિહાસો ઉપરથી વાંચીને આપવું. હરેક રાજાઓ વિષે વધારે બીના લખવાથી ચોપડીનું કદ વધી જવાની દેહેશત હતી, તેથી જેમ બને તેમ ટુકાણમાં સમાવેશ કરેલોછે. માટે શિક્ષકોને વિનંતી કરવામાં આવેછે કે કોઇ બાબત વિષે વિદ્યાર્થિઓને વધારે જ્ઞાન આપવાની જરૂર પડે તો બીજા ઇતિહાસોનાં પુસ્તકો વાંચી તેમાંથી જ્ઞાન આપવું.

મુ. ઉમરેઠ. તા. ૧૪-૧-૮૫.

ર. હ. વ્યાસ.
ના. કી. પટેલ.

હિંદુસ્તાનના મુસલમાની રાજ્યનો ટુંકો હેવાલ.

પ્રકરણ ૧ લું.

પ્રાચીન ઇતિહાસ.

ભરતખંડની સીમા—ભરતખંડ કે આર્યાવૃતની પશ્ચિમ સીમાએ હાલા તથા સુલેમાનના પર્વતો, અને તેની પેલી મેર અફગાનિસ્તાન તથા બલુચિસ્તાન દેશો આવેલાછે. એની ઉત્તર સરહદમાં મધ્ય એશિઆના ઊંચાણના પ્રદેશો તથા સદા બરફથી ઢંકાયેલો હિમાલય પર્વતછે. પૂર્વ સીમાએ બ્રહ્મદેશ તથા મણિપૂરનું રાજ્યછે. તેની દક્ષિણ દિશાએ તથા- અગ્નિ ને નૈરૂત્યકોણમાં હિંદીમહાસાગર આવેલોછે. હિંદુસ્તાનનો નકશો જોવાથી આપણને માલમ પડેછે કે પરદેશી રાજાઓને ભરતખંડમાં પેસવાનો માર્ગ જળ અને મોટા પર્વતો ઓળંગ્યા સિવાયનો બીજો નથી.

આપણે આર્ય જાતની શાખા છીએ. આપણું મૂળસ્થાન મધ્ય એશિઆમાં ઓકસસ નદીના પ્રદેશમાં હતું; તથા આપણી ભાષા વેદ કે તેને મળતી કોઈ બીજી હતી; એ મૂળ ભાષામાંથી સંસ્કૃત, લાટિન, વગેરે મૂખ્ય ભાષાઓ નીકળી.

ઓકસસ નદીના પ્રદેશમાંથી કેટલાક સિંધુ નદીને કાંઠે, કેટલાક યુરોપ વગેરે દેશોમાં જઇ વસ્યા. એ લોકો જ્યારે સિંધુનદીને કાંઠે આવીને વસ્યા, ત્યારે ત્યાં બીજી પ્રજા વસતી હતી. તેને જીતીને તેઓ દેશના ધણી થયા. એ જીતાયલા શૂરા અને પરાક્રમી હતા, અને કંઇક થોડો હુન્નર જાણતા હતા.

આર્ય લોકના જુના ગ્રંથોમાં વેદ મૂખ્યછે. પછી વેદાંગ, સુત્રો, સ્મૃતિઓ, રામાયણ, માહાભારત અને પુરાણો થયાં. જ્યારે વેદની ભાષામાં સુધારો થયો, ત્યારે જુદા જુદા વિષયો ઉપર જુદા જુદા ગ્રંથો રચાયા.

વેદમાં કહ્યા પ્રમાણે રૂષિઓ યજ્ઞ કરતા ને તેમાં પશુ હોમતા હતા. આ રીવાજથી કંટાળીને, નેપાળનો રાજા કપીલવસ્તુલનો પુત્ર શાક્યસિંહ, અથવા ગૌતમ કે જે બુદ્ધને નામે ઓળખાયછે, તે સામો થયો; અને પોતે ત્યાગી થઇને પોતાનો મત જુદો ચલાવ્યો; એટલુંજ નહીં પણ પોતાના મતના માણુસોને ચાલવાના નિયમો રચ્યા. બુદ્ધની સ્રીનું નામ ગોપા હતું. બુદ્ધ ઈ. સ. પૂ. સાડી પાંચસેં વર્ષ ઉપર થયો એમ મનાયછે. બૌદ્ધમત ભરતખંડમાંથી નાશ પામી તિબેટ, બ્રહ્મદેશ, ચીન વગેરે દેશોમાં પ્રસર્યો.

શૂરવીરો અને રાજા પ્રજાને શૂર ચઢે એવી વાતોથી ભરપૂર રામાયણ અને માહાભારતના ગ્રંથો છે. રામાયણ વાલ્મિક રૂષીનું રચેલુંછે. એમાં આયોદ્ધાના સૂર્યવંશી રાજા દશરથના પુત્ર રામચંદ્રજીની સાથે, લંકાના રાજા રાવણે કરેલા યુદ્ધનું વર્ણનછે. રામાયણ અને માહાભારતના ગ્રંથો વ્યાસજી લોકો મોટા રસ્તાઓ ઉપર બેશીને વાંચેછે ત્યારે સાંભળનારનાં મન ભાગ્યેજ કંટાળતાં હશે. ઘણા લોકો પોતાના તથા રામચંદ્રજીના દુઃખનો મુકાબલો કરીને ધૈર્યવાન થાયછે.

માહાભારત વ્યાસનું લખેલુંછે. તેમાં પાંડવ કૌરવ કે જે પિત્રાઇઓ હતા તેમના યુદ્ધનું વર્ણનછે. પાંડવ પાંચ ને કૌરવો સો ભાઈઓ હતા. એમનું યુદ્ધ ૧૮ દિવસ પર્યંત ચાલ્યું, તેમાં ઘણા શૂરાઓ મરાયા. પાંડવો જીત્યા, પણ પિત્રાઇઓ તથા સગાંવાહાલાંના મરણને લીધે ખિદ પામી હિમાલય જઈ દેહ ત્યાગ કર્યો. હિમાલયમાં જતી વખતે પોતા-

નું જીતેલું રાજ્ય, અભિમન્યુના પુત્ર પરિક્ષિતને સોંપ્યું હતું. માહાભારતનો ગ્રંથ ભીમની વાર્તાથી રસીક છે; તેનું શૂરાતન લોકોને હાસ્ય ઉપજાવે એવુંછે. એનું બોલવું, એનો ચેહેરો, તથા ચાલ કેવી હશે, જે તે ઉપરથી આપણને માહિત કરે છે. માહાભારતના ગ્રંથોનો સાર ટુંકામાં એછે જે કુસંપ રૂપી બીજ આપણો નાશ કરનારૂંછે. દુર્યોધને પાંડવો સાથે કુસંપ કર્યો તેનું ફળ શું નીપજ્યું? ઘણા માણસોના જીવ ગયા, અને કૌરવો રાજ્ય ખોઇ બેઠા !

માહાભારત અને રામાયણના સમયમાં લોકો વિદ્વાન તથા સુધરેલા હતા. તેઓ બળવાન હતા. બાળલગ્નનો રીવાજ નહોતો. રાજાઓ સ્વયંવર રચીને પોતાની કુંવરીઓ પરણાવતા હતા. સાધારણ લોકોમાં એ રીવાજ હશે કે નહીં- તે બાબત શક છે; પરંતુ એટલું તો ખરૂં કે વિવાહના કામમાં પરણનાર સ્રી પુરૂષને કંઇક છૂટ મળતી હશે.

પ્રાચીનકાળના રાજકર્ત્તાઓના કાયદા, ઘણાજ સુઘડ, અને લોકથી બિન હરકતે પાળી શકાય તેવા સારા હતા. તેઓ ધર્મની વાત જાણનારા વર્ગને (બ્રાહ્મણોને) ઘણુંજ માન આપતા હતા. અને રાજકાજમાં અને ઇનસાફમાં પણ પોતાની પાસેજ રાખતા હતા. જેમનામાં શૂર, અને સૃષ્ટિકર્ત્તા ઇશ્વર સબંધી જ્ઞાન ન હોય, તેમને હલકા ગણતા હતા. બ્રાહ્મણો શાસ્ત્ર સંબંધી વાત જાણતા હતા, માટે રાજાઓ પોતાની પાસે રાખીને સભાઓ ભરતા હતા. મૂલકનો રાજકારભાર નાના મોટા ઠરાવેલા વહિવટદારો કરતા હતા. તેમાં મોટા વહિવટદારોના તાબામાં હજાર ગામ, એથી ઉતરતા વહિવટદારોના તાબામાં સો ગામ, ને સૌથી ઉતરતાના હાથમાં દશ ગામનો વહિવટ હતો. એ વહિવટદારો વસુલાત તથા જકાત ઉઘરાવતા. વસવાયા પાસે તેઓ મહિનામાં

અમુક વખતે વેઠ કરાવતા હતા. રાજા ઇનસાફ કરતા હતા. તે વખતમાં ચોરી કરનારનાં કાંડાં કાપે, ખુન કરનારને શૂળીએ ચઢાવે, વગેરે શિક્ષાઓ હતી; હલકા ગુનેગારો પાસે તેઓ દંડજ લેતા હતા.

તે વખતના હિંદુઓ ઘણા સુખી હતા. તેમને ન્યાય મળતો, ન્યાય તે વખતમાં વેચાતો નહોતો, વાર તેહેવારે સોના રૂપાનાં ઘરેણાં પેહેરતા, પ્રજાને રાજાઓ બેટાબેટી માફક ગણતા હતા, રાજાઓની સારી ચાલ ચલગતને લીધે, અને તેઓ ખરો ન્યાય આપતા તેને લીધે પ્રજા ઘણીજ સુખી હતી. એ સમયમાં કોઈ પરદેશી હિંદુસ્તાનના કોઈ સાધારણ રહેવાશીના ઘરમાં જઇને જુએ તો તેને આશ્ચર્ય ઉપજ્યા સિવાય ભાગ્યેજ રહેશે. લોકો પૈસે ટકે પણ ભરપૂર હતા.

રામાયણ અને મહાભારત પછી હિંદુસ્તાનમાં નાનાં મોટાં ઘણાં રાજ્યો થયાં; પણ તે રાજ્યોના રાજકર્ત્તાઓની વંશાવળીઓ જોઇએ તેવી રીતે મળી આવતી નથી. પુરાણોમાંથી તથા ગ્રીસદેશના પંડિતો ભરતખંડમાં આવેલા, તેમના લેખો અને હાથ લાગેલા સિક્કાઓપરથી ઇતિહાસો લખાયલા છે.

પ્રકરણ ૨ જું.

પ્રાચીન કાળનો ઇતિહાસ.

ભરતખંડની લક્ષ્મી અને મોટાઇથી લોભાઇ ઘણા પરદેશી રાજાઓ તેનાપર ચઢી આવ્યા હતા. પ્રથમ ઈ. સ. પૂર્વે ૨૨૦૦ માં આસિરિઆના રાજા નૈનસની રાણી, સિમિરામિસે ભરતખંડ જીતી લીધો હતો, * એમ કહેવાય છે.

* એ રાણી હિંદુસ્તાપર ચઢી આવી હતી ખરી, પણ હિંદુરાજાઓના લઢાઈમાં હાથી ઉભેલા જોઇને પાછી પલાયન કરી ગઇ એમ બીજા પુસ્તકોમાંથી માલમ પડે છે.

ઇ. સ. પૂ. ૫૧૮ માં દરવેશ ગુરતાપ ચઢી આવ્યો હતો, પણ તેને સોનું પુષ્કળ મળી આવવાથી પાછો ગયો. એના પછી ઈ. સ. પૂ. ૩૨૭ માં યુનાન દેશનો મહાન સિકંદર ૧, ૨૦, ૦૦૦ સિપાઇની ફોજ લેઈને સિંધુ નદી આગળ ઊતર્યો. કેટલાક રાજાઓ તેને તાબે થયા, પણ જેલમ નદીથી તે દિલ્હી સુધીના દેશનો રાજા પૌરવ કુળનો હતો તે તેના સામો થયો, પણ તેની હાર થઈ. જીતાયલા રાજાને મોટાદિલના સિકંદરે તેનું રાજ્ય પાછું આપ્યું. તે સમયના હિંદુ લોકો રણમાં ઊભા રહીને લડે તેવા બહાદુર હતા; તેથી સિકંદરે હિંદુસ્તાન દેશ જીતી શકાયો નહીં. સિકંદરના રાજ્ય ઉપર કોઇ બળવાન રાજાએ હુમલો કરવાથી હિંદુસ્તાન જીતવું પડતું મૂકીને પોતાને દેશ ગયો.

મહાભારતમાં પ્રખ્યાતિ પામેલા જરાસંધ રાજાની ગાદીએ ઘણા રાજાઓ થઇ ગયા તે પછી ઈ. સ. પૂ. ૫૦૦ થી ૪૭૭ સુધીમાં બિમ્બિસાર અને અજાત શત્રુ નામના રાજાઓ થયા. આ સમયમાં બુદ્ધ ધર્મ હતો એથી છઠ્ઠા રાજાનું નામ નંદ હતું. એ નાગકુળનો શુદ્ર હતો. એના વંશમાં નવરાજા થયા તેઓ પણ નંદ કહેવાતા. જ્યારે સિકંદર પંજાબમાં આવ્યો, ત્યારે મગધ પ્રાંતમાં નવમો નંદ રાજ કરતો હતો; તેનો અનૌરસ પુત્ર ચંદ્રગુપ્ત ઇ. સ. પૂ. ૩૧૫ માં ગાદી ઉપર બેઠો.

સિકંદરના મુઆ પછી હિંદુસ્તાનમાંનો તેનો જીતેલો ભાગ સેલ્યુકસના તાબામાં આવ્યો. તેણે ચંદ્રગુપ્ત સાથે ચંદ્રગુપ્તના લાભમાંજ સલાહ કરી હતી.

ચંદ્રગુપ્તના પછી અમિત્રઘાત કે બિંદુસાર ઇ. સ. પૂ. ૨૯૧ માં ગાદીપર બેઠો. તે ઇ.સ. પૂ. ૨૬૩માં મુઓ. તેના મરણ પછી તેનો પ્રતાપી પુત્ર અશોક તખ્તનશીન

થયો. તેણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું. તે બુદ્ધ ધર્મ પાળતો હતો, ને તે ધર્મને તેણે આશ્રય આપ્યો. ઈ. સ. પૂ. ૧૯૫ સુધીમાં તેના વંશમાં સાત રાજા થયા. તેઓ નબળા હોવાથી તેમનું રાજ્ય બીજાઓને તાબે ગયું. અશોક રાજકાજમાં ઘણો વખણાયો છે, તથા લોક હિતાર્થનાં કાર્ય તરફ પણ નજર કરી સુધારા કર્યા હતા. બૌદ્ધ મતને કંઇક મળતો જૈન ધર્મ સ્થપાયો. એ મતવાળા ચોવીશ તિર્થંકરોને દેવોથી શ્રેષ્ટ માને છે. છેલા તિર્થંકરનું નામ મહાવીર સ્વામી હતું. એનો જન્મ આજથી સાડી બાવીસેં વર્ષપર થયો હતો. જૈન મતનું જોર છસેંથી તે બારસેં સુધી ઠીક હતું.

મગધ દેશના મૌર્ય વંશના રાજાઓ નબળા પડયા, ત્યાર પછી પંજાબ, સિંધ, ને ગુજરાતમાં બક્ત્રિઆના ગ્રીક રાજ્યનો અમલ થયો જણાય છે. એ રાજ્યને પાર્થીઆના શક લોકે જીતી લીધું. તેઓ તુર્ક હતા. એ તુર્કોને રજપૂતોએ જીતી કાબુલ શેહેરમાં રાજધાની કરી. પછી કેટલેક વર્ષે તેઓએ લાહોરમાં રાજગાદી કરી.

પાંડવના વખતમાં મથુરામાંથી નાસી આવેલા યાદવકુળના રજપૂત રાજાઓ ગુજરાતમાં રાજ કરતા હતા. તેમના પછી અશોક રાજાના અમલ સુધી કોણ રાજ કરતા હતા તે જણાયું નથી. અશોકના પછી બાક્ત્રિઅનોના આશ્રયનીચે શાહવંશના તાબામાં ગુજરાતનું રાજ્ય હતું. એ રાજ્યને ગુપ્ત કુળના રજપૂતોએ જીતી લેઈ, વલ્લભીપૂરમાં રાજગાદી કરી વલ્લભીપૂરનો નાશ થયા પછી ગુજરાતમાં ચાવડા, સોલંકી અને વાઘેલા વંશના રાજાઓનો અમલથયો.

મગધ દેશમાં મૌર્ય વંશની પછી સંગા કુળના રાજાઓએ ઈ. સ. પૂ. ૮૯ સુધી અમલ ચલાવ્યો. એના પછી ઇ. સ. ૩૧ સુધી કન્વા વંશનું રાજ્ય રહ્યું. કન્વા પછી

અગ્નિકુળની આંધ્રનામે શાખાને હાથ ભરતખંડનો મોટો ભાગ આવ્યો. એ વંશમાંનાં ઘણાં ખરાં રાજ્યો મુસલમાન લોકોની શરૂઆત સુધી ટીક રહ્યાં હતાં. આંધ્રકુળની પરમાર શાખાનું રાજ્ય માળવામાં હતું. એ શાખામાં ઘણો વિખ્યાત અને કીર્તિવંત ઇ. સ. પૂ. ૫૬, ૫૭ માં વિક્રમ રારાજા થયો. એણે વિદ્યાને ઘણો આશ્રય આપ્યો છે; એના દરબારમાં મહાન કવિ કાળિદાસ વીગેરે વિદ્વાન કવિઓ અને પંડિતો આશ્રય પામ્યા. એએ એ વિક્રમના નામને અમર કર્યું છે. વિક્રમ શક નામે તુરાની જાતના બળવાન લોકને જીતી, ભરતખંડનો માહારાજાધિરાજ થયો. એના નામથી ઊત્તર હિંદુસ્તાનમાં હજી શક ચાલે છે. વિક્રમ રાજાની ઘણીક રસીક કહાણીઓ હિંદુઓમાં ચાલે છે, તે ઊપરથી માલમ પડે છે કે તે ઘણો ચતુર, વિદ્યાન, શૂરવિર, ને માહત્વાકાંક્ષિ હતો. વિક્રમ રાજા પરદુઃખભંજન પણ કહેવાય છે. વિક્રમ પછી માળવામાં ઘણા રાજા થયા, તેમાં ભોજ રાજા ઘણો વિખ્યાત ગઇ ગયો છે. આપણા પેહેલા ભીમના વખતમાં ધારા નગરીમાં તે રાજ કરતો હતો. એણે વિદ્યાને ઉત્તેજન આપી પોતાનું નામ અમર કર્યું. એના પૌત્ર યશોવરમાનને સિદ્ધરાજ જયસિંહે જીતી ખંડણી કબુલ કરાવી. ઇ. સ. ૧૨૩૧ સુધી એ વંશના રાજાઓ માળવામાં રાજ્ય કરતા હતા.

ઇ. સ. ૪૭૦ માં કનોજનું રાજ ગુપ્ત વંશની રાઠોડ શાખાને હાથ આવ્યું. તેમને ઈ. સ. ૧૧૯૩માં મુસલમાન લોકો એ મારવાડમાં નસાડી મૂકયા. જોધપૂરનું રાજ્ય તેઓએ સ્થાપ્યું, તે હજી ચાલે છે.

બંગાળામાં મહાભારતના વખતથી તે ઇ. સ. ૧૨૦૩ માં મુસલમાન લોકો આવ્યા ત્યાં સુધીમાં ચાર વંશ થયા

કહેવાયછે; એમાંના ત્રીજા વંશનું નામ પાલ હતું. એનો અમલ ઈ. સ. ના નવમા સૈકાથી તે અગીઆરમા સૈકા સુધી હતો એ વંશમાંનો દેવપાળદેવ, બીજા રાજ્યોને જીતીને નવમા સૈકામાં રાજાધિરાજ કહેવાયો.

આ સમયમાં કુમારિલભટે અને શંકરાચાર્યે બૌદ્ધ પંથનો નાશ કર્યો. કાશ્મીરમાં ગોનાર્દ વંશના બૌદ્ધમતના રાજાઓની પછી કૃત્યકુળના વેદધર્મી રાજા થયા.

મુસલમાન રાજાઓનો અમલ થતા પેહેલાં તે વખતે નર્મદાની ઉત્તરે હિમાલય પર્વત સુધીમાં છ રાજ્યો હતાં. તેઓનાં નામ ૧ પંજાબનું રાજ્ય, ૨ દિલ્હીનું રાજ્ય, ૩ કનોજનું રાજ્ય, ૪ બંગાળાનું રાજ્ય, ૫ મેવાડનું રાજ્ય, ૬ ગુજરાતનુ રાજ્ય.

તે વખતે પંજાબમાં અશ્વનંદી રાજા રાજ કરતા હતા. ત્યાંના સિક્કાની એકમેર ઘોડેશ્વારનો આકાર, ને બીજીમેર આખલાનો આકાર હોવાથી અશ્વનંદી પડેલુ માલમ પડેછે. ગુજરાતની રાજધાની તે વખતે અણહિલવાડ હતું.

દક્ષિણનાં રાજ્યો—એ દેશમાં અનાર્ય લોકોની વસ્તીછે. તે લોકો તામીલ, તેલુગુ, મલિઆમ, કાનડી વગેરે ભાષા બોલે છે. પ્રથમ એ દેશપર અયોદ્ધાના રામચંદ્રજીએ ચઢાઇ કરી લંકા જીતી, પછી મગધના ચંદ્રગુપ્ત રાજાએ કરી, પછી કાશ્મીરના ગોનાર્દ કુળના મેઘવાહન રાજાએ કરી, ત્યાર પછી બંગાળાના દેવપાળ દેવે કરી.

ઈ. સ પેહેલાં ૫૦૦ વર્ષ ઉપર મદુરામાં પાંડવ વંશના રાજાઓ રાજ કરતા હતા. એ રાજ અયોદ્ધેથી આવેલા પાંડવ નામના પુરૂષે સ્થાપ્યું હતું. તે અગીઆરમા સૈકા સુધી હતું. ચૌળવંશના રાજાઓનું રાજ કાંજેવરમમાં હતું. ઈ.સ. પૂ. ૩૫૦ માં જ્યારે તે નબળું પડયું, ત્યારે તેની રાજધાની

તાંજોર થઇ છેવટે તાંજોરનું મરેઠી રાજ્ય સ્થપાયું.

ચેરાકુળના રાજાઓએ ઇસ્વીસનના પેહેલા સૈકાથી તે દશમાં સૈકા લગી ત્રાવણકોરમાં રાજ્ય કર્યું. મ્હેસૂરમાં દ્વારસમુદ્ર નામે નગરમાં રાજપૂત રાજ હતું.

ઈ. સ. ૭૭ માં શાલિવાહન નામનો રાજા પેઠણમાં રાજ કરતો હતો. એ શાલિવાહનનો શક હજી દક્ષિણમાં ચાલે છે. એ રાજા જાતે કુંભાર હતો, પણ બ્રાહ્મણોને તેણે બુદ્ધીના જુલમથી છોડવ્યા, માટે તેઓએ તેનો શક ચલાવ્યો. નિજામના રાજ્યની પશ્ચિમ દિશાએ કલ્યાણ કરીને મોટી નગરી હતી, તેમાં સોલંકીવંશના રાજાઓ રાજ કરતા હતા. એ રાજનો સ્થાપનાર ઈ. સ. ૨૫૦ ના સુમારે અયોદ્ધામાંથી આવ્યો હતો. ત્યાંના રાજાઓ ઘણા બળવાવ હોવાથી રાજાધિરાજ મનાતા તેઓ જૈન મતને આશરો આપતા. ઈ. સ. ૧૧૮૨ માં એ રાજ નાશ પામ્યું, ત્યાર પછી એ મુલકમાં બસાપ્પા નામે બ્રાહ્મણે, લિંગાયત નામે પંથ ચલાવ્યો, તે હજી ચાલેછે. પછી એ દેશ દોલતાબાદના જાદવોને હાથ ગયો. ગુજરાત મુસલમાનને હાથ ગઈ, ત્યારે કર્ણવાઘેલો એ રાજના આશ્રય નીચે જઈ રહ્યો હતો. તે સિવાય વરંગુળમાં આંધ્રકુળના રાજાઓએ રાજ સ્થાપ્યું, તે પરથી તેને આંધ્ર રાજપણ કહેછે.

ઓઢીઆ પ્રાંતમાં કેશરી વંશના રાજા ઇ. સ. ૧૧૩૧ સુધી રાજ કરતા હતા. કટકમાં ગજપતિ વંશના રાજા ઇ. સ. ૧૫૬૮ સુધી હતા. અને મેદનીપૂરની પાસે ગંગા વંશના રાજાનું રાજ હતું.

પ્રકરણ ૩ જું.

મુસલમાનની ચઢાઈઓ.

મુસલમાની ધર્મનો ઉદય અને તેનું પ્રસરવું—અરબ-

સ્તાનના મક્કા શેહેરમાં હજરત મહમદે ઉપદેશ કરી પોતાનું મત ચલાવવા માંડયું, ત્યારે ત્યાંના ઘણા લોકોએ તેની સામા થઇ તેને મારવાનો નિશ્ચય કર્યો; તેથી ઇ. સ. ૬૨૨ માં પેગંબર મદીને નાશી ગયો. અરબી ભાષામાં નાસવાને હીજરી કહે છે, તેથી તે હીજરી સને કહેવાયો. પેગંબર ખાત્રીથી એક દેવને માનવાનું કહેતો; અને તે આ પ્રમાણે બોલતો.—

" ला इलाह इल्लाह्लाहु मुहम्मदुर्रसुलुल्लाह "

ભાવાર્થ—પરમેશ્વર બાદ નથી, પણ એક છે, પરમેશ્વરનો પેગંબર મહમદ છે. મૂર્તિ તથા અગ્નિ, સૂર્ય વગેરે સૃષ્ટીના પદાર્થો પૂજવાની મના કરી. આ મતના સામા ઘણા રાજાઓ થયા, પણ તેમને પેગંબરે તથા તેના ચેલાઓએ હરાવ્યા, પોતાના મતના માણસોને એમ કહેતો કે બીજાને મુસલમાની ધર્મમાં લાવવાને મોટુ પૂન્ય છે, અને ધર્મના કારણને લીધે જે રણમાં પડે તેને સ્વર્ગ મળે. તેના પછી તેના જે શિષ્યો થયા તે ખલીફા કહેવાતા. તે સાદા અને ઉત્સાહી હતા. એ સૈકામાં અરબસ્તાનનો મુસલમાની ધર્મ તથા રાજ્ય ઘણું ફેલાયું. એ લોક હિંદુઓના મતનું ખંડન કરી શક્યા નહીં.

સમુદ્ર તથા જમીન વાટે મુસલમાન હિંદુસ્તાનપર સ્વારીઓ કરતા, પરંતુ જે હાથ આવતું તે લેઇને પાછા જવું પડતું હતું. ઈ. સ. ૭૧૨ માં બસરાના સુબાએ મહમદ કાસમને સિંધપર મોકલ્યો. તેના સામો ત્યાંનો રાજા દાહીર જાતે રજપૂત હતો, તે લઢયો. તેની રાજધાની દેવળ (કરાંચી) હતી. કાસમે આ લઢાઇમાં ઘણી ક્રૂરતા તથા લૂંટ ચલાવી. દાહીર રાજા રણમાં પડયો. આ ક્રૂરતાનું ફળ કાસમને ઘણુંજ ઝડપથી મળ્યું. જે હાકેમે તેને મોકલ્યો હતો,

તે મરી જવાથી બીજો નીમાયો; તેણે કાસમને બરતરફ કરી માર નંખાવ્યો. કેટલેક વર્ષે પોતાનાં રાજ રજપૂતોએ જીતી લીધાં.

અલપ્તગીન નામનો ગૂલામ બુખારાના કોઇ સુલતાને રાખેલો હતો. તે ગૂલામે ગીજનીમાં સ્વતંત્રપણે અમલ ચલાવ્યો. એના પછી એનો ગૂલામ અને જમાઇ સબકતગીન વારસ થયો. અને તેણે બલુચિસ્તાન એશિઆઈ તુર્કસ્તાન વગેરે દેશો જીતી, પોતાના સસરા કરતાં સારી કીર્તિ મેળવી. એના સમયમાં અશ્વનંદી વંશનો જયપાળ પંજાબના લાહોરમાં રાજ કરતો હતો. ઈ. સ. ૯૭૭ માં સુલતાનની ફોજ લૂંટફાટ કરતી પેશાવર સુધી આવી. તેના સામો જયપાળ ગયેલો હતો, પણ ફતેહ મેળવી શકયો નહોતો. બીજીવાર સંગ્રામ કરવો નિશ્ચય કરી જયપાળે દિલ્હી, અજમેર, કનોજ અને કલિંજરના રાજાઓની મદદ માગી. એ યુદ્ધમાં રજપૂતો હાર્યા, ને સુલતાન લૂંટ કરી ચાલ્યો ગયો.

આ સ્વારી પછી સબકતગીનના અનૌરસ પુત્ર મહંમૂદે હિંદુસ્તાન ઉપર સતર સ્વારીઓ કરી તેમાંની જાણવા લાયક બાર સ્વારીઓ છે. એને પોતાનો ધર્મ ચલાવવાની બહુજ હોંસ હતી. ઇ. સ. ૯૯૯ માં મહંમૂદે સામાની વંશના રાજાઓની તાબેદારી કબુલ કરી નહીં. તેણે પશ્ચિમ ભણીથી હુમલો ન થાય તેટલા માટે ઇલીકખાનની છોકરી સાથે પરણ્યો. એ ઇલીકખાન ટાન્સઓકસાનીઆનો રાજા હતો.

હિંદુસ્તાનની લક્ષ્મી અને વૈભવ જોઇને હિંદુસ્તાનપર તેને સ્વારી કરવાનું મન થયું તેણે ઇ. સ. ૧૦૦૧ માં ૧ પેહેલી સ્વારી કરી, તેની સાથે ૧૦૦૦૦ ઘોડે સ્વાર હતા, તે લેઇને તા. ૨૭ મી નવેમ્બરે લાહોરના રાજા જયપાળ સાથે, પેશાવર આગળ લડયો, તેમાં હિંદુરાજાની હાર થઇ તે તે પકડાયો; પણ ખંડણી આપવાની સરતે તેને મહંમૂદે

છાડયો. આ અપમાન પામ્યો, તેથી તેણે પોતાના દીકરા અનંગપાળને રાજપાટ સોંપ્યું, ને તે ચીતા ખડકી બળીમૂઓ.

૨ જી ઈ. સ. ૧૦૦૪ માં બીજી સ્વારી તેણે બાટીઆના રાજા વિજયરાય ઉપર, ખંડણી અટકાવવાનું મીશ કાઢી કરી. એ લઢાઇમાં રજપૂતો હાર્યા, અને મહંમૂદે તેનો મૂલક જીતી લીધો.

૩ જી ઈ. સ. ૧૦૦૫ માં મુલતાનના સૂબા અબુલફાત લોદી ઉપર સ્વારી કરી. ત્યાંથી પાછા વળતાં પેશાવર આગળ લાહોરના રાજા અનંગપાળને હરાવ્યો. ૪ થી ઈ. સ. ૧૦૦૮–૯ માં લાહોરના રાજા અનંગપાળ ઉપર સ્વારી કરી. એ લઢાઈમાં રજપૂતાણીઓએ પોતાનાં ઘરેણાં ગાંઠાં વેચી, અનંગપાળને ખરચી સારૂ મદદ મોકલી હતી, પણ આખરે અટક આગળ તેની હાર થઇ. ત્યાંથી મહંમૂદ નગરકોટ ગયો, ને ત્યાંનું દેરૂ લૂંટી, અગણીત પૈસા લેઇ, તે પાછો ગીજનીગયો.

૫ મી ઇ. સ. ૧૦૧૦ માં મુલતાન ઉપર સ્વારી કરી, અને ત્યાંના રાજા અબુલફાત લોદીને કેદ કરી લેઇ ગયો; ને મુલતાન પોતાને તાબે કરી લીધું. પાછળથી તેણે લાહોરના અનંગપાળ સાથે સલાહ કરી. ૬ ઠી ઇ. સ. ૧૦૧૪ માં સરસ્વતી ને જમના નદી ઉપરનું થાણેશ્વરનું દેરૂ લૂટયું. ૭ મી ઈ. સ. ૧૦૧૫માં કાશ્મીર ઉપર કરી, તેમાં મહંમૂદ હાર્યો. ૮ મી ઈ. સ. ૧૦૧૮. ૧૯માં કનોજ ઉપર સ્વારી કરી, તે વખત તેની પાસે ૨૦ હજાર પાયદળ હતું. કનોજના રાજા માહારાજા ધિરાજ કહેવાતા હતા. ત્યાંનો રાજા મહંમૂદને શરણે ગયો, તેથી મહંમૂદે તેની સાથે મિત્રતા બાંધી. તે ત્રણ દિવસ રહી કનોજથી પાછો મથુરાં તરફ ગયો. તે શેહેરને તેણે વીશ દિવસ લૂંટવા દીધું. આ વખતે તેન લસ્કરમાં હિંદુ ગુલામ ઘણા હતા, તેથી તેમને બબે

રૂપીએ વેચી દીધા. ૯ મી ઇ. સ. ૧૦૨૨માં કલિંજરના રાજા ઉપર કરી કારણ કે તેણે કનોજના રાજાને મારી નાંખ્યો હતો* કલિંજરના રાજાની મદદે લાહોરનો રાજા બીજો જયપાલ આવ્યો હતો; એટલા માટે બીજા જયપાળનું રાજ્ય મહંમૂદે ખાલસા કર્યું. ૧૦ મી સ્વારી મહંમૂદે કાશ્મીર ઉપર કરી, પણ તે વ્યર્થ ગઇ. ૧૧ મી ઇ. સ. ૧૦૨૩ માં ગ્વાલીઅર અને કલિંજર ઉપર સ્વારી કરી, તેમાં એ રાજાઓએ તેને દ્રવ્ય આપી પાછો કાઢયો.

૧૨ મી ઈ. સ. ૧૦૨૪ માં તેણે પ્રભાસ પાટણ ઉપર સ્વારી કરી. તેણે રસ્તામાં આવતાં અજમેરના રાજા ધર્મગજ ચોહાણ સાથે લડાઈ કરી, તેમાં ચોહાણ રણમાં પડયો; ને મહંમૂદ અજમેર લૂંટી પ્રભાસપાટણ આવ્યો. અહીંઆં ધર્મને બહાને કેટલાક રાજાઓ લઢવાને આવ્યા હતા. તેમણે તેને ત્રણ દિવસ સુધી પાસે આવવા દીધો નહીં; પણ મહંમૂદના સિપાઇઓના જોસા આગળ તેમનું કાંઇ ચાલ્યું નહીં. છેવટે મહંમૂદે સોમનાથના દેવળમાં પેસી, મૂર્તિ તોડીને તેના ચાર કટકા કર્યા; તેમાંથી બે ગીજનીની જુમામસીદમાં ચોડયા, ને બાકીના મક્કે તથા મદીને મોકલ્યા. મહંમૂદની મરજી ગુજરાતમાં ગાદી સ્થાપવાની થઇ, પણ તેમ કરતાં તેના પ્રધાનો એ તેને અટકાવ્યો. પછી મહંમૂદ જાટ લોકોને વશ કરી ગીજની જવા નીકળ્યો. રસ્તામાં તે બહુ હેરાન થયો. મહંમૂદ ગીજની ગયા પછી હિંદુસ્તાનમાં ફરીને પગ મૂકવા પામ્યો નહીં. તે ત્યાં ઇ. સ. ૧૦૩૦ મરણ પામ્યો.

---

* મહંમૂદ ગીજનવીએ જ્યારે કનોજ ઉપર સ્વારી કરી, ત્યારે ત્યાંનો રાજા યુદ્ધ કર્યા વિના શરણે થયો હતો; માટે કલિંજરના રાજાએ તેના ઉપર સ્વારી કરી તેને માર્યો.

મહમદ ગીજનવીએ વિદ્યાના કામમાં મદદ કરી, તેથી તેનું નામ વધારે પ્રસીદ્ધછે. તેણે ગીજનીમાં પાઠશાળા સ્થાપી; અને ફરદુસી કવિની પાસે ઇરાનનો કવિતા રૂપ ઈતિહાસ લખાવ્યો, કે જેનું મુસલમાન લોકો હજી વખાણ કરે છે. એ પાદશાહ કઠોર મનનો હતો; તે લોભી અને નિર્દય હતો. મહંમૂદે ઈરાન જીત્યું, ત્યાર પછી ગીજનીના દરબારમાં ઘણા ઇરાનીઓ નોકર રહ્યા. મુસલમાન લોકોનું રાજ્ય જ્યારે હિંદુસ્તાનમાં થયું, ત્યારે ઇરાન દેશની ફારશી ભાષા આપણા દેશમાં દાખલ થઇ; અને તે સરકાર દરબારમાં ઘણીજ પ્રસરી.

મહમદ ગીજનીના વંશમાં ઇ. સ. ૧૧૫૨ સુધી ગીજનીનું રાજ રહ્યું. ત્યાં એ વંશનો છેલ્લો રાજા બેહેરામ હતો. તેણે પોતાનો જમાઇ જે ગોર પ્રાંતનો સૂબો હતો, તેને મારી નાંખ્યો; તેથી તેના ભાઇ અલાઉદ્દીને બેહેરામને ત્યાંથી નસાડી ગીજની શેહેર બાળ્યું. બેહેરામ હિંદુસ્તાન તરફ નાસતાં માર્ગમાંજ મરણ પામ્યો, અને તેનો દીકરો ખૂશરૂ નાસતો લાહોર આવી, ત્યાં રાજ કર્યું; પણ તેનો અમલ ગોરીવંશ વાળાએ તોડચો. ગીજનીવંશનો છેલો રાજા ખુશરૂનો દીકરો ખુશરૂ મલેક હતો.

અફગાન લોકો કહેતા હતા કે અમારા ઘરડા અસલ ગોર પ્રાંતમાં રહેતા હતા, ત્યાંથી તેમાંનો એક જણ વખાનો માર્યો હિંદુસ્તાન તરફ જતો રહ્યો. કેટલીક મુદ્દતે તે પુષ્કળ દ્રવ્ય મેળવી, તે પાછો વહાણમાં બેસી પોતાને વતન આવતાં, વાહાણની સાથે તે બૂડચો; પણ તેનો છોકરો હુસૈન મૂસ્કેલાઇથી બચ્ચો. તેને કેટલાક સિપાઇઓ ગીજનીના બાદશાહ કને લેઇ ગયા. બાદશાહે તેને ખુશી થઈને ગોર પ્રાંતનો સૂબો બનાવ્યો. તેના વંશમાં અલાઉદ્દીન થયો તેણે

ગીજની શેહેર બાળ્યું.

એ અલ્લાઉદ્દીન ચાર વરસ રાજ કરી ઇ. સ. ૧૧૫૬ માં મરણ પામ્યો. ત્યાર પછી તેનો દીકરો સૈફુદ્દીન ગાદી ઉપર બેઠો. તેને એક વર્ષમાં કોઇએ મારી નાંખ્યો. એના પછી અલાઉદ્દીનનો ભત્રિજો ગ્યાસુદ્દીન ગાદી ઉપર બેઠો. એને શાહાબુદ્દીન નામે એક ભાઇ હતો. એ બંને ભાઇઓ સંપીને રાજકારભાર ચલાવતા હતા. શાહબુદ્દીન લડાઈનું કામ કરતો, અને ગ્યાસુદ્દીન મૂલકનો બંદોબસ્ત રાખતો હતો. શાહબુદ્દીને ઇ. સ. ૧૧૭૮ માં ગુજરાતપર ચડાઇ કરી. તેના સામો ભોળો ભીમ લડયો હતો. એ લઢાઈમાં ભોળાભીમે તેને હરાવ્યો.

તેણે ઈ. સ. ૧૧૮૦ માં હિંદુસ્તાન ઉપર બીજી સ્વારી કરી, મુલતાન તથા ઓછા શેહેર લીધાં; ઓછાના રાજાની કુંવરી સાથે તે પરણ્યો, ખુશરૂ મલેકને તેના કુટુંબ સહીત કેદ કર્યો. ઇ. સ. ૧૧૯૧ માં તેણે ત્રીજીવાર ચઢી બીન્દુડાનો કિલ્લો લીધો, ને સરસ્વતી નદીના તીરે તિરૌરી આગળ અજમેરના રાજા પૃથુરાજની સાથે લડયો; પણ તેમાં તે હારી, ઘણી મેહેનતે બચી પાછો ગીજની ગયો.

એ સમયમાં હિંદુસ્તાનમાં ચાર મોટાં રાજ હતાં. તેમનાં નામ. ૧ દીલ્હીમાં તોમાર જાતના રજપૂત રાજાનું રાજ્ય, ૨ અજમેરમાં ચોહાણનું રાજ્ય, ૩ કનોજમાં રાઠોડનું રાજ્ય, ૪ ને ગુજરાતમાં સોલંકી વંશનું રાજ્ય.

દિલ્હીમાં તોમાર જાતના રાજા અનંગપાળને ફક્ત બે કુંવરીઓ હતી. તેમાંની એક અજમેરમાં ચોહાણ જાતના રાજા, સોમેશ્વરને પરણાવી હતી, તેના કુંવરનું નામ પૃથુરાજ હતું; બીજી કનોજના રાઠોડ રાજાને દીધી હતી, તેના કુંવરનું નામ જયચંદ હતું. અનંગપાળે અજમેર વાળી કુંવરીના પુત્ર, પૃથુરાજને દત્તક લીધો, ને દિલ્હીની ગાદી આપી.

શાહબુદ્દીન ૧,૨૦,૦૦૦ એકલાખ વીશ હજાર ઘો-ડેસ્વાર લેઇને, ઇ. સ. ૧૧૯૩માં પેશાવરને રસ્તે, હિંદુ-સ્તાનમાં પાછો ઊતર્યો. આ વખતે તેની સામાં પૃથુરાજ, મેવાડ, કનોજ, ગુજરાત વગેરે રાજાઓની મદદથી લઢયો, પણ તેમાં છેવટે પૃથુરાજ હાર્યો, ને શત્રુને હાથ પકડાયો. શત્રુઓએ તેને કતલ કર્યો.*

ઇ. સ. ૧૧૯૩, ૯૪માં હિંદુસ્તાનપર તેણે પાંચમી સ્વારી કરી. તેણે કનોજના રાજા જયચંદરાયને હરાવ્યો, અને કાશી તરફ જઇ કાશીમાં ઘણું નુકશાન કર્યું. ૬ ઠી સ્વારી ઇ. સ. ૧૧૯૫માં કરી, રજપૂતાનામાંનો બીઆનો કિલ્લો લીધો; અને લડાઈનું કામ કુતબુદ્દીનને સોંપી પાછો પોતાને સ્વદેશ ગયો.

કુતબુદ્દીને ઇ. સ. ૧૧૯૫માં ગુજરાતપર ચડાઇ કરી,

---

*કેટલાક કહે છે કે પૃથુરાજને ગોરી સુલતાને આંધળો કરી કેદમાં પૂર્યો હતો. ચંદ બારોટ સુલતાનની પાસે ગયો, તે વખતે તેણે પૃથુરાજની વિદ્યાનાં ઘણાં વખાણ કર્યાં; આથી સુલતાને તેનું પારખું જેવાને સભા કરી; તેમાં સરત એવી હતી કે શાહબુદ્દીન તવા ઉપર કાંકરી મારે, કે તરત શબ્દ સાંભળીને પૃથુરાજ લોઢાના સાત તવા વિંધે પણ ચંદ બારોટની મરજી મોટો તવો (સુલતાન) વિંધવાની હતી, સુલતાને તવા ઉપર કાંકરી નાંખી, ત્યારે ચંદ બારોટે ગણત્રી કરીને નીચે મુજબ કહ્યું—"चार वंश चोवीश गज, अंगुल अष्ट प्रमाण; एटलापर सुल्तान हे, मत चुके चहुआण."

આ મુજબ કહેવાથી પૃથુરાજે તવાને બદલે સુલતાનનું કપાળ વિંધ્યું. પછી બારોટ તથા પૃથુરાજ એક બીજા ઉપર તલવાર ફેરવી મરી ગયા.

સાંના ભીમ રાજાને હરાવ્યો. ભીમ રાજાએ બીજીવાર અજમેરના પાહાડી લોકોની મદદથી ચડાઇ કરી, ને કુતબુદ્દીને ઘાયલ કર્યો. એવામાં દિલ્હીથી બીજી મદદ આવી પહોચવાથી કુતબુદ્દીને ભીમરાજાને હરાવ્યો; ને અણહિલવાડ સુધીનો મૂલક જીતી લીધો. ગખ્ખર જાતના પાહાડી લોકે બંડ કર્યું તે સમાવવા સારૂ શાહબુદ્દીન મુલતાન આવ્યો, અને બંડ સમાવ્યું. પછી સ્વદેશ પાછો જતાં રસ્તામાં તેણે સિંધુ નદી ઉપર રોહટક ગામમાં મુકામ કર્યો, તે વખતે તેના તંબુમાં ગખ્ખર લોકોએ છાનામાના પેસી તેનો જીવ લીધો ઇ.સ. ૧૨૦૫.

પ્રકરણ ૪ થું.

મુસલમાની રાજ્ય, ગૂલામ, ખિલજી વંશ.

કુતબુદ્દીન હિંદુસ્તાનનો પેહેલો બાદશાહ થયો. તે નીશાપૂરનો રહેવાસી હતો. તેનાં માબાપ નીચા કુળના હતાં. તેને એક કાજી પાસેથી ગોરીએ પોતાના દરબારમાં ગૂલામ કરીને રાખ્યો. પછી તેને મોટે દરજ્જે ચઢાવી પોતાનો સરદાર બનાવ્યો. તેણે ઈ. સ. ૧૧૯૨ માં દિલ્હી લીધું. ઇ. સ. ૧૨૦૨માં કલિંજરનો કિલ્લો લીધો. ગીજનીના સૂબા એલદોજ સાથે વિરોધ થવાથી ગીજની ઉપર સ્વારી કરી ને જીતી લીધું. શાહબુદ્દીનના મુઆ પછી કુતબુદ્દીન દિલ્હીનો પાદશાહ થયો, એ ગૂલામ વંશનો પેહેલો પાદશાહ હતો.

ગૂલામ વંશના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વરસ

કુતબુદ્દીન...	૧૨૦૬
આરામ...	...૧૨૧૦
અલ્તમસ...	૧૨૧૦
રૂકનુદ્દીન...	૧૨૩૫
રજીઆબેગમ...	... ૧૨૩૬

એરામ... ... ...૧૨૩૯
મસુદ... ... ... ૧૨૪૧
નાસરૂદ્દીન... ... ... ૧૨૪૬
બલ્લબન... ... ... ૧૨૬૫
કૈકુબાદ... ... ...૧૨૮૭

કુતબુદ્દીને હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતો ઉપર સ્વારીઓ કરી જશ મેળવ્યો. કૂતુબમિનાર તેના વખતમાં બંધાવવા માંડયો. એના પછી એનો પુત્ર આરામ થયો. એ નબળો હોવાથી સિંધમાં નાસરૂદ્દીન, ને મહંમૂદ બખ્તિયાર ખિલજીએ બંગાળા સર કરી સ્વતંત્ર થયા. એના પછી એનો બનેવી અલ્તમસ થયો. ઇ. સ. ૧૨૧૫માં તાજુદ્દીન અલીદુજે હિંદુસ્તાન ઉપર સ્વારી કરી, પણ તે હારીને પાછો ગયો ઇ. સ. ૧૨૧૭માં નાસરૂદ્દીનને જીતવામાં ફાવ્યો નહીં. એના વખતમાં મોગલ ફોજ લેઈને જંગીસખાં સિંધુ તલક આવ્યો હતો. અલ્તમસે સિંધ દેશ જીતી પોતાના રાજ્ય સાથે જોડી દીધું. ઇ. સ. ૧૨૨૬માં માળવા લીધું. ઇ. સ. ૧૨૩૧માં ઉજ્જન અને ગ્વાલીઅર લીધાં. એના વખતમાં કુતુબમિનાર પૂરો થયો. એના મરણ પછી એનો છોકરો રૂકનુદ્દીન થયો. તેના વખતમાં તેની મા રાજ ચલાવતી હતી. રૂકનુદ્દીન નબળો હોવાથી તેની બેન રજીઆબેગમે તેનું રાજ્ય જીતી લીધું. એ બાઈ ભણેલી ને રાજકાજમાં હોંશીઆર હતી. ઈ. સ. ૧૨૩૯માં લાહોરના રાજાએ બંડ કરવાથી તેને હરાવ્યો. તેજ સાલમાં બીન્દુડાના સૂબા આલદુનિઆએ બંડ કરી, તેને તુર્કી સરદારોએ કેદ કરી, પછી સૂબા પાસે તેને આણી, તેણે તેની સાથે લગ્ન કર્યું. પણ એના બીજા સરદારોએ તેને તથા તેના ધણીને પકડીનેમારી નાંખ્યાં. એના પછી રૂકનુદ્દીનનો છોકરો બેરામ (મવજુદ્દીન)

થયો. તેના વખતમાં મોગલોએ પંજાબ ઉપર સ્વારી કરી. પણ તેઓનું કંઇ વળ્યું નહીં. તેના વજીરે બંડ કરી તેને મારી નાંખ્યો. અને તેના પછી મસૂદ (અલાઉદ્દીન) થયો. તેના વખતમાં મોગલો એ બંગાળા પંજાબ ઉપર સ્વારીઓ કરી, પણ તેમને હરાવી પાછા કાઢયા. તે પાદશાહ દુરાચરણી હોવાથી તેના સરદારોએ તેને કેદ કર્યો; ને તેના કાકા નાસરૂદ્દીનને રાજ્ય સોંપ્યું. એ પાદશાહ વિદ્વાન હતો. તેને એક બેગમ હતી, તેના હાથનું રાંધેલું તે જમતો. કુરાનનો તે ઊતારા કરી પોતાનું ગુજરાન નભવતો હતો. તે ચાકર સુદ્ધાંત પણ રાખતો નહીં. એના પછી એનો વજીર ગ્યાસુદ્દીન બલ્લબન થયો. એણે પેહેલ વેહેલું કામ તુર્ક લોકો રાજા ઠરાવવામાં મરજી મુજબ ચાલતા હતા, તેમને તેણે વશ કર્યા. તે ચાળીશેક હતા, તેમાંના કેટલાક પાદશાહના દોસ્તદાર અને સગા હતા. ઇ. સ. ૧૨૬૬માં મેવાટી લોકોએ તથા ઇ. સ. ૧૨૭૯માં બંગાળાના સૂબા તોગ્રલે બંડો કર્યા. પણ તેઓનો નાશ કર્યો. બંગાળાનો હાકેમ પોતાના દીકરા બકરાખાંને નીમ્યો. બાદશાહની વૃદ્ધાવસ્થામાં તેનો પાટવી શાહજાદો મુગલો જોડે વઢતાં મરણ પામ્યો. પાદશાહના મૂઆ પછી બકરાખાં સાથે અણબનાવ હોવાથી તેના દીકરા કૈકુબાદને ગાદી આપી.

કૈકૂબાદે બદફેલીમાં પડીને બધો રાજકારભાર પોતાના વજીર નાજીમુદ્દીનને સોંપ્યો હતો. એ વજીરને ગાદી લેવાનો લોભ હતો; માટે જે હરકત કરે એવા જબરા હતા, તેવાનું પહેલેથીજ કાસળ કાઢયું. પાદશાહના પિત્રાઇભાઇ વગેરેનો નાશ કર્યો. પાદશાહને તેના પિતા બકરાખાં જે બંગળાનો સૂબેદાર હતો; તેઓની વચ્ચે કજીઓ કરાવ્યો. સુલતાન ફોજ લેઇ પોતાના બાપ સામે લઢવા ગયો, પણ

બંને વચ્ચે સલાહ થઇ. વજીરને ઝેર દેઈને માર્યો; તેની જગાએ જલાલુદ્દીન ખિલજીને નીમ્યો. એ વજીર પાદશાહનો તથા તેના વારસનો જીવ લેઈ ગાદી ઉપર બેઠો ઇ. સ. ૧૨૯૦

ખિલજીવંશના બાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વરસ.

જલાલુદ્દીન ખિલજી	૧૨૯૦
ઇબ્રાહીમ	૧૨૯૫
અલ્લાઉદ્દીન ખૂની	૧૨૯૫
ઉમર	૧૩૧૫
મુબારક	૧૩૧૬
ખુશરૂ	૧૩૨૦

ખિલજી લોક મૂળ તાતારના રહીશ હતા, પણ તેઓ અફ્ગાનિસ્તાનમાં આવ્યા, ત્યાંથી પઠાણ કહેવાતા હતા. જલાલુદ્દીન પાદશાહ તખ્તનશીન થયા. પછી પોતાના શત્રુને પણ શિક્ષા કરતો નહીં; એવો એ દયાળુ તથા કોમળ મનનો પાદશાહ હતો. તે વિદ્યાપર પ્રીતિ રાખી. ને બુદ્ધિમાનને આશરો આપતો. તેના વખતમાં ગુલામ વંશના પાદશાહ ગ્યાસુદ્દીનના ભત્રિજા જ્યાજુએ બંડ કર્યું, પણ તે બાદશાહના કુંવરે સમાવી, તેને પકડયો. તેને મારવાની બાદશાહે રજા આપી નહોતી. બાદશાહનો બહાદૂર ભત્રીજો અલ્લાઉદ્દીન ગંગા નદી ઉપરના કરા ગામનો સૂબો હતો. પણ તેણે બુદેલખંડ તથા માળવામાં સારો બંદોબસ્ત કર્યો, તેથી તેને અયોદ્ધાનો સૂબો બનાવ્યો હતો. એ અલાઉદ્દીન આઠ હજાર સ્વાર લેઈને દક્ષિણમાં ગયો, ને દેવગીરી (દોલતાબાદ)ના રાજા રામદેવ સાથે લઢાઇ કરી. તેમાં રામદેવને હરાવી, તેની પાસેથી પુષ્કળ દ્રવ્ય તથા ઇલિમપૂર લેઇ તે પાછો આવ્યો. તે વખત તેનો કાકો સામો મળવા ગયો. ને કાકો ભત્રીજો ભેટયા, તેજ વખત જલાલુદ્દીનને મારી

નંખાવ્યો. પાદશાહના મરણની વાત સાંભળીતાં, બેગમે પોતાના બાળ કુંવર ઇબ્રાહીમના નામની દુવાઈ ફેરવી, પણ અલાઉદ્દીન પાદશાહનો ઇલકાબ ધારણ કરીને આવ્યો; તેથી બેગમ અને બાળકુંવર મુલતાન તરફ નાઠાં. ત્યાં જલાલુદ્દીનનો મોટો શાહજાદો રાજ કરતો હતો. અલાઉદ્દીને ત્યાં જઈને એ ત્રણેના જીવ લીવા. અલાઉદ્દીન ઘણો ક્રુર અને નિર્દય હતો. તે વખતનો ઈતિહાસ લખનારાઓએ તેને ખુની લખેલો છે. તે ઉપરથી આપણા ગુજરાતમાં તેને તિરસ્કાર તરીકે "અલાદીઓ ખૂની" અદ્યાપિ સુધી પણ કહે છે. મુસલમાન લોકોનો અમલ થયા પછી તેઓના વખતમાં ઘણું કરીને ત્રણ મોટા બનાવો બનતા. મુગલોની સ્વારીઓ, સુબેદારોનાં બંડ, સ્વતંત્ર હિંદુ રાજ્યોપર ચઢાઇઓ. એ ત્રણે બનાવોમાં માણસને દ્રવ્યની ઘણીક ખૂવારી થતી.

અલાઉદ્દીને ઇ. સ. ૧૨૯૭માં અલિફ્ખાં તથા નસરતખાંને ફોજ આપી ગુજરાતપર મોકલ્યો. તેમણે અણહિલવાડ જીતી લીધું, ને ત્યાંના રાજા કરણ વાઘેલાને બાગલાણમાં નાશી જવું પડયું. તેનાં બૈરાં છોકરાં તથા ખજાનો મુસલમાનોએ દિલ્હી પહોચતો કર્યો. પછી ખંભાત લૂટયું. તે વખતે ઘણો રૂપાળો ને બુદ્ધિમાન મલેક કાફૂર હાથ લાગ્યો, તેને પાદશાહે સરદાર બનાવ્યો. તેના વખતમાં મુગલ લોકોએ સાત વાર ચડાઈઓ કરી. ઇ. સ. ૧૨૯૮માં મુગલાઇ સરદાર કતલગખાં ઠેઠ દિલ્હી સુધી આવ્યો. તેને બાદશાહના બહાદૂર સરદાર જાફરે હરાવ્યો. તેનો ભત્રીજો સૂલેમાન તથા તેના બે ભાણેજ રાજ લેવાની ખટપટમાં માર્યા ગયા. ઇ. સ. ૧૨૯૯માં તેણે રણસ્થંભારે ઉપર સ્વાદી કરી તે લીધું. ઇ. સ. ૧૩૦૩માં વરંગુળ ઉપર ફોજ મોકલી, ને ચિતોડ ઉપર હલ્લો કરી તે જીતી લીધું. ઇ. સ.

૧૩૦૪માં રજપૂતસ્થાનમાં અલીબેગ મુગલે સ્વારી કરી પણ તેને પંજાબના સૂબા તઘલખે હરાવ્યો. ઇ. સ. ૧૩૦૬માં દેવગઢના રાજા રામદેવે ખંડણી અટકાવ્યાથી મલેક કાપુર ચઢયો, ને રાજા રામદેવને હરાવી દિલ્હી આણ્યો, રાજાએ ખંડણી આપવી કબુલ કરી. દેવળ દેવી (કરણ વાઘેલાની કુંવરી) ને અલિફખાંએ ઇલોરા આગળ પકડી. તેની સાથે અલાઉદ્દીનના દીકરા ખીજરખાંએ લગ્ન કર્યું.

ઇ. સ. ૧૩૦૯માં વરંગુળ ઉપર બીજીવાર સ્વારી કરવાને મલેક કાપુરને મોકલ્યો, તે વખતે વરંગુળનો રાજા લગદરદેવ હતો; તેણે ખંડણી આપવી કબુલ કરી.

ઇ. સ. ૧૩૧૦માં કર્ણાટક માંહેલા દ્વારા સમુદ્રના બલાલ રાજા ઉપર સ્વારી કરી. ને ત્યાંના રાજાને હરાવી, તેને કેદ કર્યો. અહીં જીતની તેણે મસીદ બંધાવી. ઇ. સ. ૧૩૧૨માં મલેક કાપુરે દેવગઢના રાજા સંકલદેવ ઉપર તેણે ચઢાઇ કરી, તેને હરાવ્યો. પછી તે માહારાષ્ટ જીતી પાછો દિલ્હી આવ્યો. દેવઘઢના હરપાળ દેવે (રામદેવના જમાઇનું બંડ કરી દક્ષિણમાંથી મુસલમાનોને કાઢી મૂક્યા. એ અરસામાં ચિતોડના રજપૂતોએ પણ મુસલમાનોને હાંકી કાડયા. આ બનાવો સાંભળી સુલતાનને ઘણો ક્રોધ ચઢયો. મલેક કાપુર દિલ્હી આવ્યા પછી, તેનું મન ધણીને મારી ગાદી લેવાનું થયું. કાપુરે સુલતાનને જૂઠું સમજાવીને તેની બેગમ તથા વડા બે શાહજાદાને કેદ નંખાવ્યા, તથા સેનાપતિ અલ્પખાંને મારી નાંખ્યો. વળી ગુજરાતના લોકે બંડ કર્યું, અને ત્યાંના સૂબા અલફખાંને મારી નાંખ્યો એવામાં ઇ. સ. ૧૩૧૫માં મલેક કાપુરે સુલતાનને ઝેર દેઇ મારી નાંખ્યો. અલાઉદ્દીને પોતાના કાકા જલાલુદ્દીનને મારી નાખીને ગાદી મેળવી હતી, તેવીજ રીતે મલેક કાપુરે

અલાઉદ્દીન જોડે તેના છોકરાઓનો તથા ભાઇઓનો નાશ કરાવી, પોતે ગાદી ઉપર બેસવાનો વિચાર કર્યો. અલાઉદ્દીન બુદ્ધિમાન, શૂરવીર પાદશાહ હતો. તેના વખતમાં રાજ્યની ઘણી આબાદની થઇ. એ પાદશાહ ડાહ્યો હતો. ને તેણે ડાહપણથી જે જે યોજનાઓ કરી, તે પાર પડી. પણ તેની અવિચારની યોજનાઓ પાર પડી નહીં.

અલાઉદ્દીનના મરણ પછી મલેક કાફુરે તેના ચોથા દીકરા ઊમરને ગાદીએ બેસાડયો, અને પોતે તેનો રક્ષક બન્યો. કાફુરે મુબારકને મારવાને મારા મોકલ્યા, પણ તે મારાઓને મુબારકે ફોડી, કાફુરને મારી નંખાવ્યો. પછી ઇ. સ. ૧૩૧૬માં તે ગાદી ઉપર બેઠો, ને પોતાના નાનાભાઇ ઊમરની આંખો ફોડી, તેણે ગુજરાત જીત્યું, ને મહારાષ્ટ્રના રાજા હરપાળને હરાવી, તેની જીવતાં ચામડી ઊતરડી મારી નાંખ્યો. તેણે કેટલાક કરો માફ કર્યા. ગાદીએ બેસતી વખત ૧૭ હજાર કેદીઓને મૂકયા હતા. સુલતાન, પોતાના વજીર ખુશરૂ (જાતનો ઢેડ હતો તે) ને રાજકારભાર સોંપી કુછંદમાં પડયો. ખુશરૂએ ઈ. સ. ૧૩૧૯માં મલબાર જીત્યું. ઇ. સ. ૧૩૨૦માં તેણે મુબારકને મારી નાંખ્યો, ને પોતે ગાદી ઉપર બેઠો.

ખુશરૂ તખ્તનશીન થયા પછી સુલતાનના તમામ કુટુંબીઓને મારી નાંખ્યા. તેના સામો પંજાબમાં રહેલી ફોજનો સરદાર ગ્યાસુદ્દીન તઘલખ થયો, ને તેને હરાવ્યો. ત્યાંથી ખુશરૂ નાસી કબરમાં ભરાઇ બેઠો હતો; તેને ખેંચી કાઢી મારી નાંખ્યો ઇ. સ. ૧૩૨૦

પ્રકરણ ૫ મું.

તઘલખ સૈયદ, લોદીવંશના બાદશાહો.

ગ્યાસુદ્દીન જાતે તુર્ક હતો. એણે મુગલ અને તાતાર

લૂંટારૂઓને હરાવી, પંજાબનો સારો બંદોબસ્ત રાખ્યો હતો. ખુશરૂના મરણ પછી રૈયતે તથા અમીર ઉમરાવોએ તેને પાદશાહ માન્યો, ને તેને ગાદી ઉપર બેસાડયો. એના વંશના પાદશાહો તઘલખ વંશના કહેવાય છે.

તઘલખ વંશના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાંનાવરસ.

ગ્યાસુદ્દીન તઘલખ...	...૧૩૨૦
મહમદ તઘલખ...	...૧૩૨૫
ફિરોજશાહ...	...૧૩૫૧
ગ્યાસુદ્દીન બીજો...	...૧૩૮૮
અબુબકર...	...૧૩૮૯
નાસરૂદ્દીન...	...૧૩૮૯
સિકંદર...	...૧૩૯૨
મહંમૂદશાહ...	...૧૩૯૨

ગ્યાસુદ્દીને ઈ. સ. ૧૩૨૪માં બંગાળા ઉપર સ્વારી કરી, બકરાખાંને વશ કરી, તે પ્રાંતનો સૂબો ફરીથી તેનેજ નીમ્યો. તેના શાહજાદા જુમાખાંએ દેવગઢ અને વરંગુળ ઉપર ચઢાઇઓ કરી. દેવગઢ શરણ થયું. વરંગુળના રાજા લગદરદેવે તેને હરાવી પાછો કાઢયો, પણ જુમાખાંએ વરંગુળ ઊપર ફરીથી સ્વારી કરી, તે જીતી લીધું. ને રાજા તથા તેના કુટુંબને પકડી દિલ્હી મોકલી દીધાં. ગ્યાસુદ્દીન બંગાળેથી પાછો આવ્યો, ત્યારે તેના દીકરા જુમાખાંએ તેને માન આપવા માટે, લાકડાનો ડેરો બંધાવી ત્યાં ઊતાર્યો. દૈવયોગે ત્યાં ચગદાઇ ગ્યાસુદ્દીન મરણ પામ્યો. તેના વખતમાં દિલ્હીની પાસે તઘલખાબાદ નામે ગઢી બંધાઇ તે અદ્યાપિ પર્યંત છે.

જુમાખાં (મહમદ) ને ઇ. સ. ૧૩૨૫માં તેના બાપની ગાદી મળી. તે ભણેલો, બુદ્ધિમાન, શૂરવીર, પણ ગાંડો

અને નિર્દય હતો. મૂર્ખાઇને લીધે ઇરાન અને ચીન ઉપર એણે સ્વારીઓ કરી. રૂપાને બદલે તાંબા નાણું ચલાવ્યું, એથી વેપારીઓને ઘણું નુકશાન થયું. એણે કનોજના લોકોને મારી નાંખ્યા, અને બંડખોર ખેડૂતોને એક મેદાનમાં વાઢ્યા. એનો ભત્રીજો માળવામાં રાજ કરતો હતો. તેની એણે જીવતાં ચામડી ઉતરડી નંખાવી. મલેક બેહેરામે પંજાબમાં બળવો કર્યો, તેને પકડી ગરદન માર્યો. બંગાળાનો બળવો સમ્યો નહીં. જ્યારે દક્ષિણમાં બળવો ઉઠયો, તે સમાવવાને ત્યાં ગયો; ત્યારે અફગાન લોકે પંજાબ લૂંટી લીધું. કર્ણાટક ને તેલંગણના રાજા સામા થયા. કર્ણાટક વાળાએ વિજયનગરની આસપાસ નવું રાજ્ય સ્થાપ્યું; ને તેલંગણ વાળાએ વરંગુળ પાછું લેઇ લીધું. ઊત્તર હિંદુસ્તાનના ખંડણી અટકાવેલા સૂબાઓને, તથા દક્ષિણમાં ઐનુલમુલ્કે બળવો ઊઠાવ્યો હતો. તેને હરાવ્યા; એટલામાં ગુજરાતમાં બંડ ઊઠયું. ત્યાં પાદશાહે જઇ બળવાખોરોને ભરૂચ તથા દિસા આગળ હરાવ્યા; અને સૂરત તથા ખંબાત શેહેર લૂંટી લીધાં. એના વખતમાં ઠેકાણે ઠેકાણે બંડો થયાં. તે રજપૂત રાજાઓને તાબામાં રાખવા માટે ઠઠ્ઠે જતો હતો; પણ રસ્તામાં તે માંદો પડી મરણ પામ્યો.

એ બાદશાહ ગાંડાના નામથી વધારે ઓળખાય છે. એણે દેવગીરીમાં રાજ ગાદી સ્થાપવાનો વિચાર કર્યો, ને દિલ્હીના લોકોને ત્યાં લેઇ ગયો તથા લાવ્યો, તેમાં હજારો માણસના પ્રાણ ગયા. એક દિવસ તેનો દાંત પડયો, ત્યારે તેને દટાવી, ઉપર એક સુંદર કબર ચણાવી. તે શોખને માટે માણસનો શિકાર કરતો.

એ પાદશાહે પોતાના વજીર કવાજાજહાનને મલિક ઉસસર્કનો ખિતાબ આપ્યો; ને તેને જુવાનપૂરનો હાકેમ

માનાવ્યો. તે હાકેમ ઈ. સ. ૧૩૯૩માં સ્વતંત્ર થઇ ગયો. એના પછી જે પાદશાહો થયા, તે શર્કી વંશના કહેવાયછે.

એના પછી એના ભત્રીજા ફિરોજશાહને ઈ. સ. ૧૩૫૧માં ગાદી મળી. ઇ. સ. ૧૩૫૪માં ફિરોજશાહે પોતાના નામ ઉપરથી ફિરોજાબાદ નામે શેહેર બાંધ્યું. ત્યાંના લોકોને પાણી પૂરૂ પાડવાને નેહેરો બંધાવી. તેના દરબારમાં બાપ દીકરો રાજકારભાર ચલાવતા હતા, ને તેઓ જાતે હિંદુ હતા. તેના વજીરનું નામ ખાનજહાંન હતું. ઈ. સ. ૧૩૫૩માં બંગાળા ઉપર સ્વારી કરી. તેમાં હાર પામ્યો, ને તેજ વખતે દક્ષિણ તથા બંગાળાનાં સ્વતંત્ર રાજ્યો ગણાવવા લાગ્યાં. ઇ. સ. ૧૩૮૭માં તેણે પોતાના દીકરા નાસરૂદ્દીનને ગાદી આપી હતી. પણ તેની બદફેલાઇને લીધે, તથા તેના પિત્રાઈઓના તરકટથી ફિરોજશાહે તેની પાસેથી રાજકારભાર લેઈ, પાછો ગાદી ઉપર બેઠો. તેણે નિર્દય શિક્ષાઓ બંધ કરી. ખેડુતો ઉપરના જૂલમી કરો ઓછા કર્યા. લોકોના સુખને માટે તેણે કૂવા, વાવ, તળાવો. ધર્મશાળાઓ મસીદો વગેરે બંધાવ્યાં. એ રૂડો પાદશાહ ઇ. સ. ૧૩૮૮ માં મરણ પામ્યો.

તેના મરણ પછી ગ્યાસુદ્દીન બીજો ગાદી પર બેઠો. તેણે ફક્ત પાંચ માસ રાજ કર્યું. એટલામાં તેના પીત્રાઈ ભાઇઓએ તેને મારી નંખાવ્યો. તેના પછી અબુબકર ગાદીપતિ થયો. તે પણ થોડી મુદત ગાદી ઉપર રહ્યો. તેવામાં તેને નસાડી મૂકી નાસરૂદ્દીન ઇ. સ. ૧૩૮૯માં તખ્તનશિન થયો. એના રાજમાં બહાદુર નાહિરના હાથ નીચે મેવાહી લોકોએ દિલ્હી લૂંટવાનો પ્રયત્ન કર્યો. તેની સામો રાજા લઢવા ગયો. પણ ત્યાં મરણ પામ્યો. તેના પછી તેનો છોકરો સિકંદર દોઢ મહિનો રાજ્ય કરી મરણ પામ્યો.

એના પછી નાસરૂદ્દીનના છોકરા મહંમૂદને ગાદી મળી. એના અમલમાં ગુજરાત વગેરે પ્રાંતોના સૂબેદારો સ્વતંત્ર થયા. ‡તેનો પિત્રાઇ નસરતખાં ફિરજાબાદમાં હતો. તેણે વજીરાત લીધી. ત્રણ વર્ષ પછી તેની જગોએ પાદશાહને કબજે લેઇને, મુલુઇકબાલખાં વજીર થયો. "પડતા ઉપર પાટું" એ કહેવત મૂજબ અધુરામાં પૂરી તૈમૂરલિંગે ઇ. સ. ૧૩૯૮માં હિંદુસ્તાનપર સ્વારી કરી, ઘણી લૂંટ મેળવી; ને ઘણા માણસોની કતલ કરી. પાદશાહને ગુજરાતમાં નાશી જવું પડયું. પાદશાહ ગુજરાતમાં હતો, માટે તૈમૂરના ગયા કેડે નસરતખાંએ દિલ્હી જીતી લીધું. તેની પાસેથી ઈકબાલખાંએ છીનવી લીધું. મહમૂદ પાદશાહે ગુજરાતમાંથી આવી. ઇ. સ. ૧૪૧૨ સુધી નામનું બાદશાહી પદ ધારણ કર્યું હતું. તે ઈ. સ. ૧૪૧૨માં મરણ પામ્યો.

એના મરણ પછી એના સરદાર દોલતખાંએ બે વરસ સુધી પાદશાહી પદ ધારણ કર્યા સિવાય રાજ કર્યું. પણ મૂલતાનમાં તૈમૂરનો નીમેલો સૂબો નામે ખિજરખાં હતો. તેણે પણ દિલ્હી જીતી લઇ સુલતાન પદ ધારણ કર્યા વિના રાજ્ય ચલાવ્યું. એ કુળના રાજ કર્ત્તાઓ સૈયદવંશી રાજાઓ કહેવાય છે.

સૈયદવંશના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વરસ.

સૈયદ ખીજરખાં...	૧૪૧૪
સૈયદ મુબારક...	૧૪૨૧
સૈયદમહમદ...	૧૪૩૩
સૈયદ આલમ...	૧૪૪૩

ખીજરખાંએ સાત વર્ષ રાજ કર્યું. તેના પછી તેનો છોકરો મુબારક ગાદીપતિ થયો. રોહીલખંડ તાબે કરવા

‡આ ઠેકાણે ગુજરાતનો ઈતિહાસ યાદ દેવડાવવો.

તેણે ચઢાઇઓ કરી, પણ ગક્કર લોકે તેને પજવ્યો. તેના વખતમાં મુગલ લોકોએ ચડાઇ કરી હતી. તેણે બાર વરસ રાજ કર્યું એટલામાં તેના વજીરે તેને મારી નંખાવી, તેના ભત્રીજા મહમદને ગાદીએ બેસાડયો. એ બાદશાહે થોડી મુદત સારી રીતે રાજકારભાર ચલાવ્યો. તેના વજીરને તેના અમીરોએ મારી નંખાવ્યો. બાદશાહ જ્યારે એશઆરામમાં પડયો, ત્યારે જવાનપુર તથા માળવાના સુલતાનોએ તેના પ્રાંતો જીતી લોવા. બીજા સુલતાનની ચઢાઇમાં બહલોલ લોદીએ તેને સારી મદદ કરી હતી. તેના પછી આલમ ગાદી ઉપર બેઠો તેના વખતમાં બહલોલ લોદીએ દિલ્હીનો કબજો લઈ લીધો હતો. તેથી તેણે રાજીનામું આપી. ગાદી ઉપરથી પોતાનો હક ઉઠાવ્યો. ઈ. સ. ૧૪૫૦માં બહલોલ લોદી ગાદી ઉપર બેઠો.

લોદી વંશના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વરસ.

બહલોલ લોદી...	૧૪૫૦
સિકંદર લોદી...	૧૪૮૮
ઈબ્રાહિમ લોદી...	૧૫૧૭

એ પાદશાહે જવાનપૂરના સ્વતંત્ર શર્કીવંશના સુબા સાથે ૨૬ વરસ લડાઇ ચલાવી; તેમાં તે જય પામ્યો. ઇ. સ. ૧૪૭૪માં તે પ્રાંત પોતાના રાજ્ય સાથે જોડી દીધો. ત્યાં પોતાના છોકરા બરએકને તેનો સુબો ઠરાવ્યો. એના વખતમાં રાજ્યની હદ ઘણી વધી હતી. એ પાદશાહ ઇ. સ. ૧૪૮૮માં મરણ પામ્યો. તેના પછી સીકંદર ગાદિ પતી થયો. તેના સામો જવાનપૂરનો સૂબો થયો, તેને તેણે હરાવ્યો. અયોધ્યા વિગેરે ઠેકાણે બંડો ઉઠયાં, તે સમાવ્યાં. ત્યારપછી કેટલોક વખત તેણે બીઆનો કિલ્લો લેવામાં ગાળ્યો. ત્યાંનો સુલતાન સરફુ હતો ઇ. સ. ૧૪૯૧માં બહાર

પ્રાંત જીતી લીધો. ઇ. સ. ૧૫૦૩માં પોતા . . . નાની આગ્રામાં કરી. એ પાદશાહ કવી કહેવાતો હતો. એના વખતમાં ઇ સ. ૧૪૯૮માં પોર્ટુગીઝ સરદાર વાસ્કોડીગામાએ હિંદુસ્તાનપર પહેલ વહેલી સફર કરીહતી. તે ઇ. સ. ૧૫૧૭માં મરણ પામ્યો.

એના પછી એનો દીકરો ઇબ્રાહિમ પાદશાહ થયો. એનો ભાઈ જલાલ, જે કાલ્પીનો સુબો હતો, તેણે બંડ ઉઠાવી જવાનપૂર લીધું; પણ સુલતાને તેને પકડી મારી નાંખ્યો. ને પોતાના બધા ભાઇઓને કેદ કર્યા. બીજા કેટલાક સુબાઓએ તેના સામું બંડ કર્યું. તેમાં પંજાબના સુબા દોલત લોદીએ કાબુલના સુલતાન બાબરની મદદ માગી. બાબર ઇ. સ. ૧૫૨૬માં આવ્યો, તેણે ઇબ્રાહિમ જોડે પાણીપતના મેદાનમાં યુદ્ધ કર્યું. ઇબ્રાહિમ મુઓ ને બાબર દિલ્હીપતી થયો. એ બાબર તૈમૂરની છઠી પેઢીએ હતો.

પ્રકરણ ૬ ઠું.

મુગલાઇ તા. સૂર વંશનું રાજ્ય.

બાબરનું રાજ્ય કાબુલની ઉત્તરે ફરગાનપ્રાંતમાં હતું. તેણે ઇ. સ. ૧૫૨૬માં હિંદુસ્તાનમાં રાજ્ય સ્થાપ્યું. એ પાદશાહ પછી જે એના કુળના પાદશાહો થયા તે મુગલવંશના કહેવાય છે.

મુગલાઈવંશના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વર્ષ.

બાબર...	૧૫૨૬
હુમાયુ†...	૧૫૩૦
અકબર (જલાલુદીન)...	૧૫૫૬
જહાંગીર...	૧૬૦૫
શાહજહાં...	૧૬૨૭

†હુમાયુ ને પદભ્રષ્ટ કરી વચ્ચે સૂરકુળના રાજાઓએ રાજ કર્યું છે. ને વીષે જુદી હકીકત આપી છે

૬ ઔરંગઝેબ (ઔરંગજેબ)...	...	૧૬૫૮
બહાદુરશાહ (શાહઆલમ ૧લો)....	...	૧૭૦૭
જહાંદારશાહ	... ...	૧૭૧૨
ફરૂખશિયર...	... .	૧૭૧૩
મહમદશાહ...	... ...	૧૭૧૯
અહમદશાહ....	... ...	૧૭૪૮
આલમગીર બીજો....	... ...	૧૭૫૪
શાહઆલમ બીજો...	... ...	૧૭૫૯
અકબર બીજો....	... ...	૧૮૦૬
મહમદ બહાદુરશાહ...	... ...	૧૮૩૭

બાબરના બાપનું નામ શેખ મીરજાં, ને તેની મા ઝંગીસખાંની જાતની મુગલાણી હતી. એના હાથમાં સમરકંદ ત્રણ વખત આવ્યું ને ગયું. ઈ. સ. ૧૫૧૯, ૨૦ તેણે હિંદુસ્તાન ઉપર સ્વારી કરી, પણ તેના પ્રાંતો ઉપર કાશગરના રાજાએ ચડાઇ કરવાથી તેને પાછું જવું પડ્યું હતું. ઈ. સ. ૧૫૨૪માં હિંદુસ્તાનપર તેણે બીજી સ્વારી કરી. તે વખત દોલતખાં ફરી જવાથી પાછો ગયો. ઇ. સ. ૧૫૨૫ના ડીસેમ્બર માસમાં તેણે હિંદુસ્તાનપર સ્વારી કરી. ને દોલતખાં લોદી તેને મળી ગયો. તે ઇબ્રાહીમ લોદી સાથે પાણીપતના મેદાનમાં લડયો, ને જીત મેળવી. તેણે આગ્રા તથા બીજા પ્રાંતો ચાર માસમાં મેળવ્યા.

મેવાડની રાજધાની ચિતોડમાં હતી. ત્યાંના રાજા સુર્યવંશી રામચંદ્રજીના વંશજો કહેવાય છે. ઈ. સ. ૧૪૪૦ માં વલભીના ગોહા રાજાના વંશમાં (મીરાંનોવર) કુંભારાણો થયો. તેણે મુસલમાન સુલતાન મહમદને હરાવી ચીતોડમાં કીર્તિસ્થંભ ચણાવ્યો. એ કુંભારાણાનો પૌત્ર આ વખત ચિતોડમાં રાજ્ય કરતો હતો. તેણે ઇ. સ. ૧૫૨૭માં સિક્રી આગળ બાબરની સાથે યુદ્ધ કર્યું. બાબરને મહા મુશ્કેલીથી જય મળ્યો.

ઈ. સ. ૧૫૨૮માં બાબરે ચંદેરીને ઘેરો ઘાલ્યો. ચંદેરીનો રાજા મેદનીરાય કેશરીઆં કરી બાબર સામો લડ્યો. પણ છેવટે હિંદુરાજાની હાર થઇ.

બાબરે અયોદ્ધા તથા બહાર પ્રાંત જીતી, બંગાળાના સૂબાને તોબા પોકરાવી. તેની સાથે સલાહ કરી. બાબર આગ્રે આવ્યો. અહીં તેનો વડો શાહજાદો હુમાયુ જ્યારે માંદો પડ્યો, ત્યારે તેણે કંઈ વહેમી ક્રીયા કરી, હુમાયુના ખાટલાની આસપાસ ત્રણ ફેરા ફર્યો. ત્યાર પછી તેની તંનદુરસ્તી બગડી. ઇ. સ. ૧૫૩૦માં તે આગ્રામાં મરણ પામ્યો. તેની લોથ કાબુલમાં દાટી.

બાબર શૂરવીર, ચતુર, ને ધીરજવાન હતો. પોતાની રૈયત સુખી કરવાને હમેશાં તે ઉપાયો યોજતો. તેનામાં લોભ એ મોટો અવગુણ હતો. એના પછી તેનો વડો શાહજાદો હુમાયુ ગાદી ઉપર બેઠો. એને ત્રણ ભાઇ હતા. કામરાન, મિરજાસ્કરી, હિંદાલ તેમાં કામરાનને કાબુલ, કંદહાર ને પંજાબનો કેટલોક ભાગ મળ્યો હતો, આથી કરીને હુમાયુને ઊત્તર તરફથી જે મદદ મળતી હતી, તે બંધ થઇ. મિરજાસ્કરીને મેવાડ આપ્યું હતું. ને હીંદાલને સંભલનું રાજ્ય સોપ્યું હતું. ઇબ્રાહિમના કાકા અલાઉદ્દીને બળવો કર્યો હતો. તેને હુમાયુએ ગંદેસર આગળ હરાવ્યો. તેણે ચાંપાનેરનો ડુંગરી કિલ્લો બહાદૂરીથી લીધો. તે ગુજરાતમાંથી પાછો આવ્યો, તે વખતે પઠાણ જાતનો સૂરકુળનો શેરખાં નામનો સરદાર ચુનાર ગઢમાં હતો તેણે બંડ ઊઠાવ્યું. હુમાયુએ જઇ ચુનાર ગઢ લીધો. ને તેની પાછળ પડ્યો તે કાશી ને પટણાની વચ્ચે મૂકામ કરી રહ્યો હતો, તેના ઊપર ઓચિંતો આવી શેરખાંએ હુમલો કર્યો. હુમાયુની ફોજની માઠી વલે થઇ, હુમાયુ નાઠો, ને તેની બેગમ શત્રુએ પકડી ઇ. સ. ૧૫૩૯.

કામરાન વગેરે ભાઈઓની મદદ આવી પહોચવાથી ઈ. સ. ૧૫૪૦માં કનોજ આગળ શેરખાં જોડે લઢાઇ થઇ, તેમાં હુમાયુ હાર્યો. તે ગંગાનદીમાં પડતું મૂકીને નાઠો, ત્યાર પછી પંજાબ તથા સિંધ દેશમ ગયો; છેલ્લે અમરકોટના રાજાએ તેને આશરો આપ્યો. અહીં આગળ અકબર બાદશાહનો જન્મ થયો હુમાયુએ અકબર પોતાના ભાઇ મિરજાઅસ્કરીને સોપ્યો, ને તે ઇરાનમાં ગયો. ત્યાંના રાજા તહમાસ્પે તેને માન આપ્યું, ને તેની જોડે શીઆ પંથ કબુલ કરાવી ૧૪૦૦૦ ઘોડેસ્વારની મદદ આપી. તેને તેનો વજીર બેહુરામ આવી મળ્યો. પ્રથમ તેણે પોતાના ભાઇઓને જીતી, કામરાનને આંધળો કર્યો.

ઇ. સ ૧૫૪૦માં હુમાયુની કનોજ આગળ હાર થઇ, ત્યારે હિંદુસ્તાનના તખ્ત ઊપર શેરશાહ બેઠો. બંગાળાના સૂબેદારે બંડ કરવાથી. શેરશાહે તેને જીત્યો. ચિતોડ, રણથંભોરે, ગ્વાલિયર, કલિંજર વગેરે કેટલાંક હિંદુ રાજ્યો શેરશાહની સામે થતાં હતાં. માળવામાં રૈસ્તન કિલ્લાના રજપૂત રખેવાળોને અભય વચન આપી, વિશ્વાસઘાત કરી માર્યા. ઈ. સ. ૧૫૪૩.

મારવાડના રાજા માલદેવને તેના સરદાર "કુંભા"વચ્ચે વિરોધ કરાવવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ તેનું ફાવ્યું નહીં. ને તેની સાથે લડાઇ થઇ, તેમાં તેના ઘણા માણસો માર્યા ગયા; પણ અંતે જીત્યો. પછી બુંદેલખંડમાં કલિંજર ગઢને ઘેરો ઘાલતાં. તેના દારૂખાનામાં આગ લાગવાથી. તે દાઝી મૂઓ. એણે ધર્મની બાબતમાં જૂલમ કરેલો જણાતો નથી. તેણે લોકોપયોગી ધર્મશાળા, વાવ, કૂવા. વગેરે બંધાવી કામો કરેલાં છે.

સુરકુળના પાદશાહોનાં નામ તથા ગાદીએ બેઠાનાં વરસ.

શેરશાહ ૧૫૪૦

સલીમશાહ (ઇસ્લામશાહ) ૧૫૪૫
આદિલશાહ (અદાલ્ત) ૧૫૫૩

શેરશાહના પછી તેનો દીકરો સલીમશાહ ગાદી ઉપર બેઠો. તેણે દિલ્હીમાં મેહેલ બંધાવ્યો, તેને સલીમગઢ કરીને કહે છે. સલીમશાહ ગ્વાલીએરમાં મરણ પામ્યો. એના પછી એના દીકરાને મારી, મહમદઆદિલી ગાદી ઉપર બેઠો. એ બાદશાહે હલકા માણુસો ઉપર મેહેરબાની કરી, તેમને સારા સારી બક્ષીસો આપી; તેથી પોતાનો ખજાનો ખાલી થયો, ત્યારે તેણે જાગીરો જપ્ત કરવા માંડી. તેના રાજ્યમાં ઠેકાણે ઠેકાણે બંડ ઊઠયાં. તથા અમીરોએ પણ બંડ કર્યા. કોઇ અમીરે ચુનારગઢ લીધું, કોઇએ આગ્રા ને દિલ્લી લીધાં, કોઇએ પંજાબ લીધું; અને કોઇએ બંગાળા તથા માળવામાં તોફાન ઊઠાવ્યું. આવી સ્થીતિમાં દેશ હતો. એવામાં હુમાયુ આગ્રે આવ્યાની ખબર સાંભળી. એ બધા બગાવાખોરોને પૂરો પડે, એવો હેમુ નામનો વજીર હતો. એ વજીર જાતે નીચ વરણનો હિંદુ હતો. આદિલશાહ બંગાળા તરફ ગયો ત્યારે, તેના પિત્રાઇ ભાઈ ઇબ્રાહિમે દિલ્હીને આગ્રા લેઈ, પાદશાહી પદ ધારણ કર્યું. વળી ઇબ્રાહિમને હાંકી કાઢીને, તેનો પિત્રાઇ ભાઇ સિકંદરશાહ ગાદી ઉપર બેઠો.

એ અરસામાં હુમાયુ ઇરાનમાંથી મળેલી તથા બીજા રાજાઓ તરફથી મળેલી મદદ લેઇ, સિકંદર ઊપર સ્વારી કરી, ને તેને નસાડયો. તેના તાબામાં લાહોર, આગ્રા ને દિલ્હી આવ્યાં. પંજાબમાં જઈ સિકંદરે બંડ કર્યું, પણ અકબરે તથા બેહેરામે જઇ તેને હરાવ્યો તેજ વરસમાં હુમાયુ દિલ્હીમાં સીડી ઊપરથી પડી મરણ પામ્યો.

હુમાયુ ઇ. સ. ૧૫૩૦માં ગાદી ઉપર બેઠો, ને ઇ. સ. ૧૫૫૬માં મરણ પામ્યો. એની ૨૬ વરસની કારકીર્દિમાં સોળ વરસ સૂરવંશના રાજાઓએ રાજ કર્યું.

પ્રકરણ ૭ મું.

મુગલાઇ રાજ્ય અકબર વિષે.

હુમાયુ પછી તેનો દીકરો અકબર ગાદી ઉપર બેઠો. તે વખતે એની ઉમર ૧૩ વર્ષની હતી. તેની કાચી ઉમર હોવાથી રાજકારભાર તેનો વજીર બેહેરામખાં ચલાવતો હતો. સિકંદરશાહસૂર મોટું લશ્કર લેઇ લડવાને ઊભો થયો હતો. મહમદશાહ આદિલી પણ એક તરફથી લશ્કરનો જમાવ કરી લડવા સામો આવ્યો. તે સિવાય કાબુલ, કંદહાર ને બદ્દૂકસાન પ્રાંતોમાં તોફાન થયાં હતાં. આ બધાં બંડોને વશ કરવાને એક ૧૪ વર્ષનો નાનો બાળ રાજા હતો.

અકબરે પોતાના શિક્ષક તથા વજીર બેહેરામને ખાનબાબા કે રાજપિતાનો ખેતાબ આપ્યો. તેણે સિકંદરશાહસૂરને અંબાલા આગળ હરાવ્યો એવામાં બદુકસાનના સૂબાએ બંડ કરીને કાબુલ ઉપર ચડાઇ કરી. અકબરે તેના સામુ લશ્કર મોકલ્યું. પણ તેની હાર થઇ મિરજાએ (બદુકસાનના સૂબે) કાબુલ લીધું, અને પોતે ત્યાંનો રાજા થયો.

મહમદશાહ શૂરના પ્રધાન હેમુએ ૩૦ હજાર માણસને બે હજાર હાથી લેઈ, આગ્રાને દિલ્હી તાબે કરી લીધાં. ને દિલ્હીના સૂબા તાતારદીબેગને મીરત આગળ હરાવ્યો. આ વખત અકબર જાલંદરમાં હતો. ત્યાં તેને દિલ્હી તથા આગ્રાના સરદારો આવી મળ્યા. ઇ. સ. ૧૫૫૬માં પાણીપતના મેદાનમાં હેમુને બેહેરામની વચ્ચે લડાઇ થઇ. હેમુના હાથી ભડકીને નાઠા, તેની આંખમાં તીર વાગ્યું; તો પણ તેને નહીં ગણકારતાં બહાદૂરીથી લડયો. તેમાં છેવટે હેમુની હાર થઇ ને તે પકડાયો. ને તેને મારી નાંખ્યો. પછી મહમદ આદિલી બંગાળે નાસી ગયો, ત્યાં પણ તે માર્યો ગયો.

ઇ. સ. ૧૫૫૭માં સિકંદરસૂરે પંજાબના સૂબા ખિ-

જરખાંનની સાથે લડાઇ કરી, પણ સિકંદરસૂરે તેને હરાવ્યો. આ જયથી ફૂલાઈ તેણે અકબર ઉપર સ્વારી કરી, પણ તેના વજીર બેહેરામે તેને હરાવ્યો, ઇ. સ. ૧૫૫૭. પાદશાહના મનાતીઆ અમીરોને બેહેરામે મારી નાંખ્યા, તેથી તથા તેનું નિર્દયપણું ને અહંકાર જોઇ બાદશાહ એકદમ આગ્રેથી દીલ્હી ગયો; ને ત્યાં પોતાના નામની આણ વર્તાવી; ને કહ્યું કે મારા વિના બીજા કોઇનો હુકમ માનવો નહીં. બેહેરામ રીસાઈને મક્કે જતાં માર્ગમાં પંજાબમાં ઇ. સ. ૧૫૫૯માં બળવો કર્યો, પણ પાદશાહે તેને પકડી, મૂકી દીધો. તે ગુજરાતમાં આવ્યો, એટલે મુબારકખાન નામના પઠાણે તેને મારી નાંખ્યો.

અકબરે સર્વ ધર્મના લોકોને સરખા ગણ્યા, ને તેમને મોટા અધિકાર આપ્યા. આગલા પાદશાહો પોતાના સ્વદેશમાંથી મદદ મંગાવતા હતા, તેમ કરવાને અકબરને જરૂર પડી નહીં, ને હિંદુસ્તાનમાંથીજ તેને જોઇતી મદદ મળવા લાગી.

આદિલ્લીના પુત્ર શિરશાહને ધાકમાં રાખવા માટે જવાનપૂર ખાનજમાનને સોંપ્યું હતું, પણ તેણે બંડ કરવાથી અકબરે હરાવ્યો. આદમખાં માળવામાં સ્વતંત્ર થવાથી પાદશાહે તેને કબજે કર્યો; પછી આદમખાંએ પાદશાહી મેહેલમાં વજીરને માર્યો, તેથી તે મેહેલની બારીએથી તેને ફેંકી દેવડાવી અકબરે મારી નંખાવ્યો. ખાનજમાને ફરી બંડ કર્યું, તેમાં તે માર્યો ગયો. હકીમને પંજાબમાં હરાવી કાબુલ તાબે કર્યું. બાબરની સાથે આવેલા મિરજાએ બંડ કર્યું, તે પણ સમાવ્યું; ને મીરજા ગુજરાતમાં ગયો. ઇ સ. ૧૫૬૬.

મહમદ તઘલખના વખતમાં દક્ષિણના સૈન્યે બળવો કર્યો. એ બંડ થયા કેડે ઇ. સ. ૧૩૪૭માં હસનગંગુ નામે

એક ચતુર ડાહ્યો પાદશાહ થયો, એના કુળના ૧૮ પાદશાહ થયા. તેઓ બ્રાહ્મણી વંશના એ નામથી ઓળખાયછે. તેના પછીના કેટલાક પાદશાહો બેવકુફ નીકળ્યા, તેમના વખતમાં તેમના અમીરો સ્વતંત્ર થઇ મૂલકના ધણી થઇ બેઠા. તેથી ઈમાદશાહી, નિઝામશાહી, અદિલશાહી, કુતુબશાહી અને બરીદશાહી નામનાં પાંચ રાજ્ય તેના રાજ્યમાંથી જુદાં થયાં, એ પાંચ રાજ્યની દક્ષિણે વિજયનગરનું હિંદુ રાજ્ય હતું, તેને ઈ. સ. ૧૫૬૫માં મુસલમાનોએ તોડયું.

ઇ. સ. ૧૪૮૪માં ફ્રાથઉલ્લાએ વરાડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, તેની રાજધાની ઇલિચપૂરમાં હતી. તેના વંશજો ઇમાદશાહી કહેવાતા હતા. તે ઈ. સ. ૧૫૭૪માં અહમદનગર સાથે જોડાયું.

ઇ. સ. ૧૪૮૭માં મલિક અહમદે અહમદનગર વસાવી, ત્યાં રાજગાદી કરી. તેને નિઝામ ઉલમુલ્કનો ઈલકાબ મળ્યો હતો, તે ઉપરથી તેના વંશજો નિઝામશાહી કહેવાતા હતા.

ઇ. સ. ૧૪૮૯માં વિજાપૂરની પાદશાહી અદિલશાહે સ્થાપી, માટે એના વંશજો અદિલશાહી કહેવાતા હતા.

ઈ. સ. ૧૫૧૨માં ગોવળકાન્ડાની પાદશાહી કુતુબઉલમુલ્કે સ્થાપી તેથી એના વંશજો કુતુબશાહી કહેવાતા હતા.

બ્રાહ્મણી વંશની રાજધાની ગુલબર્ગમાં હતી, ને પછી બીડરમાં થઇ. એ વંશના કેટલાક પાદશાહો નબળા તથા બેવકુફ નીકળ્યા. છેલ્લા પાદશાહના વખતમાં તેના વજીર અમીર બરીદે પાદશાહીપદ ધારણ કર્યું. તેના કુળના પાદશાહો બરીદશાહી કહેવાતા હતા.

યુજબેક લેકોને તાબે કરી, ચિતોડ ઉપર ચડાઇ કરી તેમાં ચિતોડનો રાજા ઊદયસિંહજી નાઠો, ને વજીર જયમલ

પકડાયો. તેને પાદશાહે માર્યો, ને ઈ. સ. ૧૫૬૭માં તે ગઢ જીતી લીધો. તે મૂલક તેણે રાજાના દીકરા પ્રતાપસિંહને પાછો આપ્યો. પ્રતાપસિંહે ઉદેપૂર વસાવ્યું. ત્યાં હાલપણ તેના વંશજો રાજ કરે છે. અકબરે હિંદુ મુસલમાનને સરખા ગણી જેપૂર (અંબર) ને મારવાડની બે રાજ કન્યાને પરણ્યો. તેમાં જોધપૂરના રાજા માલદેવની કુંવરીનું નામ જોધબા હતું ને જહાંગીર એ સાણીનો કુંવર હતો.

ઇ. સ. ૧૫૬૯માં તેણે રણુથંભોરનો કિલ્લો જીતી, કલિંજર લીધું. ગુજરાતમાં ત્રીજા મુજફરનું કાંઇ નહીં ચાલવાથી એક સરદારે અમદાવાદ, ખંભાત, બીજે સૂરત, ભરૂચ, ત્રીજે ધંધુકા, ધોળકા લઇ લીધાં. તેમને પાદશાહે આવી જીત્યા. અહીંયાં મીરજાના કબીલાને કાઢી મૂકયો આ લડાઇમાં જેપૂરના ભગવાનસિંહે પાદશાહને મદદ આપી હતી. પછી અકબર આગ્રે ગયો, એટલે મીરજાના કબીલામાંના એક માણસે આવી. ગુજરાતમાં પાછું બંડ કર્યું. અકબર એકદમ નવ દીવસમાં આગ્રેથી ગુજરાતમાં આવ્યો. ને મીરજાના માણસને મારી નાંખ્યો મહમૂદશાહ તઘલખના વખતમાં ગુજરાતનો સુબો જાફરખાં સ્વતંત્ર થયો હતો, ને બાદશાહી પદ ધારણ કર્યું હતું. તેના વંશજો પાસેથી ગુજરાત જીતી, અકબરે આ વખતે તેને દિલ્હીના રાજ્ય જોડે જોડી દીધું. ઇ. સ. ૧૫૭૩.

બંગાળાના સેન રાજા પાસેથી, મહમદ ગોરીના સેનાપતિ બખતિઆર ખિલજીએ તે પ્રાંત જીતી લીધો હતો, ને ગોરી પાદશાહના મરણ પછી ત્યાંનો પોતે સુલતાન થયો. ત્યાં કૈકાવશે ફરીને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેના બે દીકરાઓએ તેના બે ભાગ કર્યા, તેમાંનો એક ભાગ સુલતાન ગ્યાસુદ્દીને લીધો; પણ બીજો સામો થવાથી તેને કુર

રીતે માર્યો, તોપણ તાબે થયો નહીં, ને ટંટા શરૂ રહ્યા. પછી સૂરકુળના પાદશાહો બંગાળામાં થયા. તેમનો આ બાદશાહે અંત આણ્યો.

ત્યારપછી બંગાળાના હાકેમ દાઊદે બંડ કર્યું. તેને સેનાપતિ ટોડરમલે હરાવી મારી નાંખ્યો, ને પ્રાંત કબજે કર્યો. ઈ. સ. ૧૫૭૬. ભગવાનદાસના પુત્ર માનસિંગે ઓઢીઆનું બંડ સમાવી તે પ્રાંત કબજે કર્યો. કાબુલમાં પાદશાહનાભાઈ હકીમે બંડ કરી, પંજાબપર ચડાઈ કરી, પણ તેને પકડી તેનો પ્રાંત તેને પાછો આપ્યો. ત્રીજા મુજફ્ફરે ગુજરાતમાં બંડ ઊઠાવ્યું. તેને હરાવી પાદશાહે જાગીર આપી. પણ તેણે ફરી જઇ કાઠીઆવાડમાં બંડ કર્યું. તેથી તેને પકડી આગ્રે લેઇ જતાં ઇ. સ. ૧૫૮૯માં તે આપઘાત કરી મરણ પામ્યો. ઈ. સ. ૧૫૮૫માં હકીમ મરી ગયો, ને કાબુલ અકબરે કબજે કર્યું.

કાશ્મીરના કેટલાક રાજાઓ વેદધર્મી, બૌદ્ધમતના, કેટલાક અગ્નિ ને કેટલાક નાગ પુજક હતા. ઇ. સ. ૧૩૧૫માં ત્યાં સેન રાજા રાજ કરતો હતો. તેણે મીર નામે મુસલમાનને પ્રધાન નીમ્યો. આગળ આણંદરાય રાજાએ તેને કાઢી મૂક્યો, તેથી તેણે બંડ કર્યું, ને તેના દુઃખથી રાજા મરણ પામ્યો. મીર ગાદી ઉપર બેઠો. એણે મુસલમાનોના હુમલા જાળવી રૈયતને સુખ દીધું, ત્યારપછી મુગલ સત્તા હિંદુસ્તાનમાં સ્થાપન થઇ, ત્યાં સુધી એ રાજ સ્વતંત્ર રહ્યું. તેને ઇ. સ. ૧૫૮૬માં અકબર પાદશાહે જીતી લીધું.

અકબરે પેશાવરની સરહદ ઉપરના યુસફજી, ને રોશનીઆપંથના લોકોને જીતવા, જેનખાં તથા બીરબલને સૈન્ય આપી ઇ. સ. ૧૫૮૬માં મોકલ્યા. બંને સરદારોમાં સંપ ન હોવાથી શત્રુએ તેમને વારા ફરતી ઘેરી હરાવ્યા.

તેમાં બીરબલ માર્યો ગયો, ને જેનખાં અટકને કિલ્લે નાશી ગયો. ઇ. સ ૧૫૯૨માં તેણે સિંધ તથા ઇ. સ. ૧૫૯૪માં કંદહાર જીતી લીધાં. તેણે પોતાના સરદાર ટોડરમલને તથા માનસિંગને સૈન્ય આપી, બીજીવાર યુસફજી લોક ઉપર મોકલ્યા. તેમને તેમણે જીતીવશ કર્યા. પછી રોશનીઆ પંથવાળા ઉપર હુમલો કરી, તેમના સરદાર જલાલને ઇ. સ. ૧૬૦૦માં મારી નાંખ્યો.

દક્ષિણમાં અહમદનગરની ગાદી માટે તકરાર ઉઠેલી તેમાં એકે અકબરની મદદ માગવાથી. તેણે મુરાદને ગુજરાતને રસ્તે તથા મીરજાખાંને માળવાને રસ્તે ફોજ આપી મોકલ્યો. આ વખત અહમદનગરમાં ૧લી ફોજ સાથે ચાંદબીબી બહાદુરીથી લઢી, પણ અંતે સલાહ કરી. મુરાદને વરાડ પ્રાંત આપ્યો. બીજી ફોજે ગોદાવરી આગળ લડાઈ કરી. અકબર બુરાનપૂર આવ્યો. પણ તે પેહેલાં તે ફોજે દોલતાબાદ લીધું. અકબરે અહમદ નગર ઉપર ચડાઇ કરવા દાનીઆલ તથા મીરજાખાનને મોકલ્યા. ચાંદબીબી ને તેના દુશ્મનોએ મારી નાંખી હતી. પછી અહમદનગર કબજે કરી મોગલોએ આશીરગઢ લીધો, ને ખાનદેશ જીતી, દાનીઆલને ત્યાં નીમ્યો, ને તેને વીજાપૂરની રાજકંન્યા સાથે પરણાવ્યો. ઇ. સ. ૧૫૯૯. આ વખતે અકબરનો પુત્ર મુરાદ મરણ પામ્યો.

દક્ષિણનો સૂબો અબુલફજલને બનાવ્યો હતો. સલીમની સદચાલને લીધે તે ઈ. સ. ૧૬૦૧માં ત્યાંથી આગ્રે આવ્યો. તે શાહજાદો દારૂના વ્યસનથી ખરાબ થઇ ગયો હતો; તેણે એક ગુનેગારની જીવતાં ચામડી ઉતરડી નંખાવી હતી. અકબરે આવી તેનો બંદોબસ્ત કર્યો.

ઇ. સ. ૧૬૦૪માં દાનીઆલ મરણ પામ્યો. પાદશાહે

પોતાની પછી પોતાના દીકરા સલીમને ગાદી મળે, એવો બંદોબસ્ત કરી ઇ. સ. ૧૬૦૫માં મરણ પામ્યો. એના પછી એના દીકરા સલીમને ગાદી મળી.

બુદ્ધિમાન અકબર બાદશાહ ગોરો ને ઊંચો હતો. તે ચંચળ, દયાવાન ને મિતાહરી હતો. તેને શિકાર તથા અંગકસરતનો ઘણો શોખ હતો. તેને ઊંઘ થોડી હતી. તે ઘણો મેહેનતુ, વિદ્વાન ને કવિતામાં હોશીઆર હતો. તેણે હિંદુને મુસલમાન ધર્મમાં ભેદ ગણ્યો નહીં. ફૈજી પાસે રામાયણ તથા માહાભારત વીગેરે કવિતા રૂપ પુસ્તકનો ફારશીમાં તરજુમો કરાવ્યો, ને તેનો તેણે તથા તેના ભાઈ અબુલફજલે સારો અભ્યાસ કર્યો. વળી બૈબલ ખ્રિસ્તી પુસ્તકનો તરજુમો કરાવ્યો. ને મુકરર કરેલે વખતે સભામાં ધર્મચર્ચાઓ ચાલતી. તેણે હિંદુઓમાં બાળલગ્નની તથા સતી થવાના ચાલની મના કીધી, ને પુનર્વિવાહ કરવાને રજા આપી. જજીઆ વેરો તથા જાત્રાળું લોક પાસેથી લેવાતો કર બંધ કર્યો.

અબુલફાજલે "અકબરીનું" પુસ્તક બનાવ્યું છે, તેમાં લખ્યા મુજબ ટોડરમલ જમાબંધી કરતો. અકબરે પ્રથમ ત્રણ બાબતનો બંદોબસ્ત કર્યો.

૧ લી. એક સરખા માપથી બધી જમીન બરોબર ભરાવી.

૨ જી. દરેક વિઘે કેટલો પાક થાય છે તે વિષે નક્કી કર્યું. જમીનના કસ પ્રમાણે તેની ત્રણ પ્રત બાંધી. ઉપજમાંથી ત્રીજા ભાગના વણી સરકારને ઠરાવ્યા. પણ પાક થોડો થાય અથવા બીજી કાંઈ હરકત થાય તો છૂટ મૂકતા હતા.

૩ જી. સરકારના ભાગ બદલ કિંમત મુજબ રૂપીઆ લેવાનો ઠરાવ કર્યો હતો. પણ જો ખેડૂતની નજરમાં આ-

વે તો દાણો વગેરે જે પાક્યું હોય તેમાંથી ત્રીજો ભાગ કાઢી આપે તો તે લેવાનો ખુલાસો રાખ્યો હતો.

આ પ્રમાણે વરસો વરસ જમાબંધી થતી હતી, પણ થોડા વરસ પછી અકબરે દશ વરસનો ઠરાવ કર્યો હતો. સિપાઇઓને પગાર બાંધી આપ્યો. રાજ્યના ૧૮ પ્રાંત કર્યા, ને તેના હાકેમને સૂબેદાર કહેતા, આ બધી હકીકત આઈને અકબરીમાં લખેલી છે. એ પાદશાહ શાણો, માયાળુ તથા ન્યાયી હતો. ને તેના વખતમાં રૈયતને જેવું સુખ મળ્યું હતું, તેવું મુસલમાન કોઇ પાદશાહના વખતમાં મળ્યું નહીં હશે.

પ્રકરણ ૮ મું.

મુગલાઇ રાજ્ય જહાંગીર શાહજહાં વિષે.

એના પછી એનો પુત્ર સલીમ જહાંગીરનામ ધારણ કરી ગાદીપતિ થયો. ઈ. સ. ૧૬૦૫. પોતાના બાપની રાજનીતિમાં ફેરફાર નહીં કરતાં અસલ મુજબ રાજકારભાર ચલાવ્યો. સરકારી નોકરો જૂલમ ન કરે, ને ન્યાય માગવા આવનાર લોકોને હરકત ન પડે; તેનો તેણે બંદોબસ્ત કર્યો. એના દીકરા ખુશરૂએ બંડ કર્યું, તેમાં ખુશરૂ પકડાયો તેની નજર આગળ તેનાં ૭૦૦ માણસોને ક્રુર રીતે માર્યા. એણે ઈ. સ. ૧૬૧૧માં નૂરજહાં વેરે લગ્ન કર્યું.

નૂરજહાં કંદહારમાં આવી રહેલા કોઈ ઈરાનીની છોકરી હતી. તેનો બાપ ઘણોજ ગરીબ હતો, તેથી તેના કુટુંબનું ભરણ પોષણ તેનાથી થઇ શકતું નહીં. માટે તે છોડીને તે મારી નાંખવાની તૈયારીમાં હતો; તેવામાં કોઇ વેપારીએ તે બાળકીને લેઈ લીધી. પણ તે ઘણીજ નાની હોવાથી તેની માને તેને નોકર રાખવાની જરૂર પડી. અહીં નૂરજહાં મોટી થઇ. તે અકબરના જનાનખાનામાં આવવા

ભાગી, ત્યારે જહાંગીરની નજર તેના પર પડી હતી. અકબરને તે વાતની ખબર પડવાથી તેણે નૂરજહાંને એકદમ શિરઅફગાન નામે એક ઇરાના સાથે પરણાવી દીધી, ને તેને બર્દવાનનો સૂબો બનાવ્યો. પરંતુ અકબરના મરણ પછી નૂરજહાંના ધણીને મારી નંખાવી આગ્રે તેડાવી લીધી. પાદશાહે તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા કરી, પણ તેણે કેટલીક મુદત સુધી આનાકાની કરી છેવટે લગ્ન કર્યું. પાદશાહે નૂરજહાંના બાપને વજીર નીમી તેના ભાઇ અસરફખાંને સરદાર બનાવ્યો. પાદશાહનાં દુરવ્યસનો નૂરજહાંએ મૂકાવી દીધાં.

ઈ. સ. ૧૬૧૦માં મલિક અંબરે અહમદ નગર પાછું લેઇ લીધું. ઇ. સ. ૧૬૧૨ માં ખાનદેશ અને ગુજરાતની ફોજ દક્ષિણ જીતવા સારૂ ગઈ, પણ ગુજરાતની ફોજના સરદાર અબદુલ્લાખાંને મલિક અંબરે હરાવ્યો. જહાંગીરના શાહજાદા શાહજહાંએ ઊદેપૂરના રાણાને હરાવી કીર્તી મેળવી. પાદશાહે તેને ફોજ આપીને દક્ષિણમાં મોકલ્યો. મલિક અંબર લઢયા સિવાય શાહજહાંને તાબે થયો. શાહજહાં દક્ષિણમાંથી પાછો ગયો, એટલે તેણે ફરી બંડ મચાવ્યું. "પણ" ફરીથી શાહજહાંએ તેને હરાવ્યો.

જહાંગીર માંદો પડયો તેવામાં ખુશરૂ એકાએક મરણ પામ્યો. નૂરજહાંની આંગળીઆટ છોકરી વેરે શહેરીઆરનું લગ્ન કર્યું હતું, તેથી નૂરજહાંની મરજી જહાંગીરના મુઆ પછી તેને ગાદી અપાવવાની હતી. જહાંગીર સાજો થયો ત્યારે નૂરજહાંએ શાહજહાંની નીંદા કરવા માંડી. પાદશાહે શાહજહાંને કંદહાર જીતી લેવા મોકલવાનો હુકમ કર્યો, પણ તેણે માન્યો નહીં, તે ઉપરથી પાદશાહે તેનું લશ્કર પાછું આગ્રે મોકલવા તેને હુકમ કર્યો, તે પણ નહીં

માનતાં શાહજહાંએ હિંદુસ્તાનપર ચડાઇ કરી. તેનો પિતા સામો થવાથી તે જતો રહ્યો મોહોબતખાં સરદાર તથા તેનો શાહજાદો પરવેઝ ઠેઠ દક્ષિણ સુધી તેની પછવાડે પડયા. શાહજહાંએ દક્ષિણમાંથી નાશી બંગાળા તથા બહારપ્રાંત કબજે કર્યા; પેલા સરદારોએ તેની પુઠ નહીં મૂકવાથી તે ત્યાંથી દક્ષિણમાં જઇ મલિક અંબરને મળી ગયો. પરંતુ છેવટે બાપ દીકરાને સલાહ થઇ.

નૂરજહાંને મહોબતખાંની બીક લાગતી હતી, કે રખેને કોઇક દિવસ તે રાજ્યનો ધણી થઇ પડે, માટે રાણીએ તેના ઉપર ખોટાં તહોમત મૂકયાં. એટલા સારૂ પાદશાહે પોતાની હજુરમાં તને બોલાવ્યો. મોહોબતખાં શૂરવીર ને ચતુર હતો, તેથી આગળથી સમજીને પોતાની પાસેના ૫૦૦૦ રજપૂત સિપાઇઓને પણ લેતો ગયો. જહાંગીર પાદશાહ જેલમ નદી ઊતરતો હતો, તે વખતે તેને ઓચિંતો પકડયો, રાણી ઘેરામાંથી નાસી ગઈ, પણ તે બીજે દહાડે ફોજ લેઇ તેના સામી લઢી. તેમાં તે જીતી નહીં; તેથી પાદશાહની સાથે તે પણ કેદમાં રહી. કેદમાંથી છૂટવાને રાણીએ ઘણાં કાવતરાં કરવા માંડયાં. મોહોબતખાંના લશ્કરમાં પોતાના મળતીઆ નોકરો રખાવ્યા. તે નોકરોની મદદથી રાજારાણી નાસી ગયાં. મોહોબતખાં શાહજહાંની મદદે ગયો, ને તેમણે દક્ષિણમાં જઇ બંડ મચાવ્યું.

ઇ. સ. ૧૬૨૬માં વડો શાહજાદો પરવેઝ મરણ પામ્યો, ને ઇ. સ. ૧૬૨૭માં જહાંગીર કાશ્મીરમાં મરણપામ્યો.

એ પાદશાહના વખતમાં ઇ. સ. ૧૬૧૫માં, ઈંગ્લાંડના પેહેલા જેમ્સ રાજાએ વકીલ કરીને સરટામસરોને મોકલ્યો હતો. તણે બુરહાનપૂરથી અજમેરસુધી મુસાફરી કરી. ત્યાંના લોકોના વૈભવનો ટુંક હેવાલ તણે લખેલો છે.

ઈગ્રેજોને પાદશાહે હિંદુસ્તાનમાં વેપાર કરવા માટે રજા આપી. એ વખતમાં તમાકુ પીવાનો રીવાજ નીકળ્યો હતો. બાદશાહ અફીણબાજ પણ ઝાઝો હતો. પણ ન્યાય ઉપર તેની પ્રીતિ હતી. ખાનગી અથવા સરકારી બાબતમાં તે જાતે તપાસ કરી ન્યાય આપતો. ઇ. સ. ૧૬૨૭ માં તેનો દીકરો શાહજહાં ગાદીપર બેઠો.

શાહજહાં દક્ષિણથી આગ્રે આવ્યો. ત્યારે શહેરીઆર તથા તેના બે પિત્રાઇભાઈ સામા થયા. તેમને મોહોબતખાં તથા અસોફજાની મદદથી મારી નાંખ્યા. તેના છોકરા સિવાય બાબરના વંશમાં કોઇને જીવતા રહેવા દીધા નહીં. નૂરજહાંએ રાજકારભારમાં ભાગ લેવો બંધ કર્યો, શાહજહાંએ તેને કેદ કરી પેનશન બાંધી આપ્યું. એ રાણી ઇ. સ. ૧૬૪૬ માં મરણ પામી.

ખાનજહાન લોદીએ દક્ષિણમાં બંડ કર્યું તેને પાદશાહે હરાવ્યો. ખાનજહાને માફી માગી. તેથી બાદશાહે તેને માળવાની સૂબેદારી આપી. એ લોદીએ બીજીવાર બંડ કરવાથી તેને પાદશાહે હરાવ્યો, તેથી લોદી નાશીને અહમદનગરના રાજાને મળી ગયો તે વખતે દક્ષિણમાં અહમદનગર, વિજાપુરને ગોવળકાંડા એ મોટાં રાજ્યો હતો. ખાનજહાની વિજાપૂરના હાકેમે મદદ માગી, પણ મળી નહીં. ત્યાંથી ખાનજહાન અહમદનગરના રાજા પાસે આવ્યો, પણ મદદ મળી નહીં. એટલે તે પોતાના દેશ (અફગાનિસ્તાન) તરફ નાઠો. પાદશાહે તેને પકડી પાડી તેની સાથે લડાઇકરી. એ લડાઇમાં ખાનજહાન માર્યો ગયો. તેના મરણ પછી દક્ષિણમાં દુકાળ પડયો અને મરકી ચાલી. તેમાં હજારો માણસોના જીવ ગયા. આ બધી ખટપટનો દોષને "કેટલાંક આળ મૂકી" અહમદનગરના હાકેમે પોતાના વજીરને બર-

તરફ કર્યો. તેની જગા મલિક અંબરના છોકરા ફતેખાંને મળી.

અહમદનગરના રાજ્યને વિજાપૂરના હાકેમે મદદ કરવા ધાર્યું હતું, પણ ફતેખાં મોટાઇના લોભથી, તેણે પોતાના ધણી મર્તજાને મારીને શાહજહાં તરફ ગયો. થોડા દિવસ પછી તે ત્યાંથી નાશી, વિજાપૂરના હાકેમ પાસે દોસ્તી કરવા ગયો, પણ હાકેમ આદિલશાહે દોસ્તી રાખી નહીં. મોહોબતખાંએ દક્ષિણના હાકેમોને દોલતાબાદ આગળ હરાવ્યા, તેથી ફતેખાંએ એક પક્ષમાંથી બીજા પક્ષમાં જવાની ચાલ છોડી દિલ્હી ગયો. ત્યાર પછી શાહજી ભોંસલાએ અહમદનગરની વજીરાત લેઇ એક હાકેમને ગાદીએ બેસાડ્યો, ને ઘણો ખરો મૂલક જીતી લીધો.

ઇ. સ. ૧૬૩૫માં પાદશાહે દક્ષિણમાં જઈ ફતેહ મેળવી. તેણે શાહજી તથા આદિલશાહ સાથે સલાહ કરી, ને ગોવાળકાંડા ખંડિયું કર્યું. પોર્ટુગીજનાં થાણાં બંગાળામાં હતાં તે જીતી લીધાં. ઇ. સ. ૧૬૩૭માં રજપૂતોની બહાદૂરીથી તેણે કંદહાર જીતી લીધું. ને અલિમર્દનખાંએ બલખ જીતી લીધું. બલ્ખ પાછું ગયું. ઈ. સ. ૧૬૪૯માં ઇરાની લોકોએ કંદહાર જીતી લીધું. બે વાર કંદહારમાં ઔરંગજેબનું નહીં ફાવવાથી દારાએ ઈ. સ. ૧૬૫૩માં ચડાઇ કરી તેમાં પણ તે હાર્યો.

ઇ. સ. ૧૬૫૨માં ઔરંગજેબ દક્ષિણનો સૂબો થયો. મિત્રભાવે તેણે જઈ એકાએક ગોવાળકાંડા ઉપર ચઢાઇકરી ત્યાંના હાકેમને હરાવ્યો. તેણે તેની પાસેથી ભારે ખંડણી લેઇ, તેની દીકરીનું લગ્ન પોતાના દીકરા મહમદ સાથે કરાવ્યું. વિજાપૂરના હાકેમ મહમદ આદિલશાહના મરણ પછી તેણે ઇ. સ. ૧૬૫૭માં તેના ઉપર હુમલો કરી તે જીતી લીધું.

શાહજહાંએ પોતાના કુળની જુની ચાલ છોડી તેણે પોતાના કુંવરોને મોટા મોટા અધિકાર આપ્યા, ને પ્રાંતોના સૂબા બનાવ્યા. તેને દારા, સુજા, મુરાદને ઔરંગઝેબ નામે ચાર પુત્ર હતા. દારા પ્રમાણિક, ઉદાર મનનો પણ તીખો ને તામસી હતો. સુજા દારૂડીઓ તથા વિષયાશક્ત હતો. મુરાદ કમ અકકલ, ઉદાર મનનો બહાદુર પણ આપ મતિઓ હતો, ને ઔરંગઝેબ ઠંડા મિજાજનો, કપટી, યુક્તિવાન, મહત્વાકાંક્ષી હતો. તે ધર્મને બહાને પણ પોતાનું કામ કાઢી લેવાને ચુકે નહીં એવો હતો.

ઈ. સ. ૧૬૫૭ માં શાહજહાનાં મંદવાડની ખબર પડતાં, સુજા જે બંગાળાનો સૂબો હતો. તેણે તથા ગુજરાતના સૂબા મૂરાદે રાજ્યપદ ધારણ કર્યું. ઔરંગઝેબે લુચ્ચાઈથી મુરાદને મેળવી લીધો. એવામાં શાહજહાં પાછો સાજો થયો, ને બધો રાજકારભાર પોતાના હાથમાં લીધો. મે પોતાના દીકરા દારાને સુજા સામા યુદ્ધ કરવા મોકલ્યો. દારાને સુજા બનારસ આગળ લઢયા. તેમાં સુજા હાર્યો, ને બંગાળે નાસી ગયો. દારાના સરદાર જસવંતસિંધને ઉજ્જણ આગળ ઔરંગઝેબ તથા મુરાદે મળી હરાવ્યો. દારા અને ઔરંગઝેબ વચ્ચે આગ્રા નજીક યુદ્ધ થયું, તેમાં દારાના હાથીને જખમ લાગવાથી દારા નીચે ઉતર્યો, કે લશ્કર ત્રાસ પામી નાઠું. ઔરંગઝેબે આગ્રામાં જઇને શાહજહાંને કેદમાં નાંખ્યો. શાહજહાંના રાજ્યનો ઈ. સ ૧૬૫૮ માં અંત આવ્યો, પણ તેનું મૃત્યુ ઈ. સ. ૧૬૬૬ માં થયું. શાહજહાં તેના જાહેર કામોને માટે પ્રખ્યાત છે. તેનો ભવ્ય દરબાર તથા મોરાસન અને મમતાજ મહાલની મસીદ એ ઘણાં જોવા લાયક મકાનો છે. એ ન્યાયી ને સારો રાજા થયો, રાજકારભાર ઉપર તેની દેખ

રેખ સારી હતી. તેણે સારા પ્રધાનો નીમીને રૈયતની આબાદાની વધારી.

પ્રકરણ ૯ મું.

મુગલાઈ તથા મરેઠી રાજ્ય ઔરંગઝેબ તથા શિવાજી.

શાહજહાંનો ત્રીજો કુંવર ઔરંગઝેબ હતો. તે પોતાના પિતાને પદભ્રષ્ટ કરી ગાદી ઉપર બેઠો. ઔરંગઝેબ આલમગીરને નામે પ્રસિદ્ધ છે. આથી આલમ ને મુરાદ દારાની પાછળ દિલ્હી ગયા. રસ્તામાં જતાં આલમગીરે મુરાદને કેદ કરી સલીમગઢમાં પૂર્યો, ને થોડા દિવસ પછી મારી નાંખ્યો. ઇ. સ. ૧૬૫૮ માં આલમગીર પાદશાહ થયો. લાહોરને રસ્તે થઇ દારા સિંધ નાસી ગયો. સુજા બંગાળેથી આવી આલમગીર સામો લઢ્યો. પણ તેની હાર થઈને પાછો બંગાળે ગયો.

દારા ગુજરાતમાં ગયો. ત્યાં તે ફોજ એકઠી કરી અજમેર ગયો. તેની સાથે આલમગીરે બહાદૂરીથી લડાઇ કરી તેને હરાવ્યો, એટલે દારા નાસતો નાસતો અમદાવાદ થઇ સિંધ દેશના પૂર્વભાગમાં ગયો. અહીં તેની બેગમનો કાળ થયો, ને ત્યાંના જૂના તાલુકદારે તેને તેના દિકરા સાથે પકડી દિલ્હી પાદશાહ કને મોકલી દીધો. આલમગીરે તેને થોડી વાર કેદમાં નાંખ્યા પછી મારી નંખાવ્યો.

દારાનો દિકરો સુલેમાન સુજાને મળી ગયો, ને સુજાએ તેને પોતાની દીકરી પરણાવી. તે પોતાના કાકા પાસે દિલ્હી ગયો, આલમગીરે તેને કેદમાં પૂર્યો. સુજા નાસીને આરાકાનના રાજા પાસે ગયો. પણ ત્યાં બળવો ઊઠવાથી તેનાં બૈરાં છોકરાં સુદ્ધાંત માર્યો ગયો. દારાનો દીકરો સુલેમાન ગ્વાલિઅરના કિલ્લામાં કેદ હતો, તે પણ મરણ પામ્યો.

આલમગીરે પોતાના ભાઈ ભત્રિજાને મારી નાંખ્યા.

પણ તેનો એક બીજો મોટો શત્રુ ઊત્પંન થયો, શાહજીના બાપની પુનાની પાસે અને શાહજીની બેંગલોરની પાસે જાગીરો હતી. શાહજીના બાપનું નામ માંલોજી હતું. તે ઈલોરા ગામનો દેશમુખ હતો. તેણે પોતાના દીકરા શાહજીને મરેઠા સરદાર જાદવરાયની દીકરી જીજીબાઇ વેરે પરણાવ્યો હતો. ઇ. સ. ૧૬૨૭માં તે બાઇને શિવાજીનામે પુત્ર ઊત્પંન થયો. શિવાજી નાની ઊમરનો હતો; તેના વાલી દાદાજી કોંડદેવને નીમી તેને પોતાના બાપની જાગીરનો કારભાર આપ્યો હતો.

શિવાજીએ લૂંટફાટ કરવા માંડી. દાદાજી મરી જવાથી તે સ્વતંત્ર થયો. ઊપજનો ભાગ પોતાના બાપને મોકલવો બંધ કર્યો. તેણે ઘણાક કિલ્લા છાપા મારીને લીધા, તેના જોરથી વિજાપૂરના હાકેમના મનમાં શક પેદા થયો. શિવાજીએ કોકણ પ્રાંતમાંથી સઘળા મુસલમાનોને કાઢી મૂક્યા, તેણે બંડ કર્યું, તેથી વિજાપૂરના હાકેમે શાહજીને કેદમાં નાંખ્યો. શિવાજીએ દિલ્લીના પાદશાહની મદદ માગી. તે મદદથી તેણે પોતાના પિતાને છોડાવ્યો. ઇ. સ. ૧૬૫૫માં શિવાજીએ આલમગીર સાથે મિત્રાચારી કરી.

શાહજહાંના મંદવાડથી આલમગીર દિલ્હી ગયો, તે વખતે શિવાજીની સામે વિજાપૂરના હાકેમે ફોજ મોકલી; પણ તેની સાથે નહીં લડતાં સરદાર અફજલખાનની સાથે એકાંત મળવાનો નિશ્ચય કર્યો. એ એકાંત સ્થળમાં બંને જણાએ વગર હથિઆરે માણસ લીધા સિવાય આવવું, એમ ઠરાવ કર્યો હતો. શિવાજી હાથમાં પોલાદના પંજા પેહેરીને આવ્યો હતો. પ્રતાપગઢની પાસે એક ડુંગરી કિલ્લામાં બંને જણની મૂલાકાત થઇ. મૂલાકાત થતી વખતે અફજલખાંના પેટમાં વાઘનખ મારી તેના શિવાજીએ પ્રાણ લીધા. આથી ગુસ્સે થઇને વિજાપૂરના હાકેમે કેટલીક લડાઇઓ કરી. ઇ. સ. ૧૬૬૨માં શિવાજી પાસે કલ્યાણથી

ગોવા સુધીનો મુલક હતો.

ઈ. સ. ૧૬૬૨માં દિલ્હીના-પાદશાહના સરદાર શયિસ્તખાંએ પૂના લીધું. શિવાજી રાત્રે છાનોમાનો શેહેરમાં પેસી ગયો, ને શયિસ્તખાં જે ઓરડામાં સૂતેલો હતો ત્યાં જઇ તેને જખમી કર્યો. શિવાજી ત્યાંથી નાસી સૂરત લૂંટવા ગયો. ઇ. સ. ૧૬૬૩માં તેણે સૂરત લૂટયું. શાહજી મરણ પામ્યો, તેથી શિવાજીએ રાજ્યપદ ધારણ કર્યું. તેણે પોતાના નામના શિક્કા પાડયા એ વાત આલમગીરને પસંદ પડી નહીં, તેથી તેણે શિવાજી ઉપર ફોજ મોકલી, શિવાજી નહીં લડતાં દિલ્હી ગયો; ત્યાં આલમગીરે તેને માનઆવકાર દીધો નહીં, તેથી શિવાજીને બહુ માઠું લાગ્યું. શિવાજીને આલમગીરે કેદમાં નાખી તેના ઉપર ચોકી પેહેરાનો બંદોબસ્ત કર્યો. પણ તે મીઠાઇના ટોપલામાં પોતાના છોકરાને લેઇ નાસી ગયો. ને ફકીરને વેશે તે દક્ષિણ તરફ ગયો. આલમગીરના સરદારોએ જીત મેળવી તેના રાજ્યમાં વધારો કર્યો.

શિવાજીએ વિજાપૂર અને ગોવળકાંડાનો મૂલક જીતી લેવાને ઓરંગજેબ સાથે સલાહ કરી. શિવાજીએ એ બે રાજ્યોને હરાવીને ખંડણી લીધી. આલમગીરે શિવાજીને દિલ્હી તેડવાને ઘણાંએ ફાંફાં માર્યાં, પણ કાંઈ વળ્યું નહીં. તેથી તેની સાથે લડવાને વિષ્ટિ મોકલી. શિવાજીએ એકદમ બહાદૂરીથી સિંહગઢ લીધો. ઇ. સ. ૧૬૭૦ માં તેણે સૂરત લૂંટયું, ને ખાનદેશની ચોથ ઊઘરાવી. આલમગીરના બહાદૂર સરદાર મોહોબતખાંને હરાવ્યો. મોહોબતખાંનની હાર થઇ તેથી તેની જગાએ આલમગીરે ખાંજહાંને નીમ્યો.

આલમગીરથી અફગાન લોકો જીતાયા નહીં, ને તેમણે ઈ. સ. ૧૬૭૧ માં બીજો પાદશાહ નીમ્યો. ઈ. સ. ૧૬૭૬ માં સતરામી જાતના હિંદુ લોક નારોળ ગામમાં આલમ-

ગીરના સામા થયા. ઘણી મેહેનતે પાદશાહે તે લોકોને વશ કર્યા. ને તેમના ઉપર ગુસ્સે થઇ તેણે હિંદુઓ ઉપર જજીઆ વેરો નાંખ્યો.

એ વખતમાં જસવંતસિંહ (જોધપૂરવાળો) કાબુલમાં મરણ પામ્યો. તેથી તેના બૈરાં છોકરાંને જોધપૂર આવતાં રસ્તામાં કેદ કરવાની આલમગીરે કોશીશ કરી, પણ રજપૂતોએ તેમને મદદ આપી જોધપૂર નસાડી મૂક્યાં, ને તેના બદલામાં એક ધાવ તથા બીજા બે છોકરાંને બતાવ્યાં. ને તેને માટે રજપૂત લોકોએ ખૂબ ટક્કર લીધા. પરંતુ આખરે હાર્યા.

જજીઆ વેરાની સામે ઉદેપૂરના રાણા રાજસિંહને આગેવાન કરી રજપૂત સંસ્થાનના સઘળા લોકો એકઠા થયા. પાદશાહે મોટી ફોજ એકઠી કરી અકબરની સરદારી નીચે ઉદેપૂર મોકલી. એ શાહજાદાને રજપૂત સરદાર દૂર્ગાદાસે ફોડી સૈન્ય સહિત પોતાના તરફ લીધો. આલમગીરે પોતાના માણસોની મદદથી ફોજ સમજાવી પોતાના તરફ લીધી, તેથી અકબર નાશી મરેઠાને મળ્યો ઇ. સ. ૧૬૮૧.

શિવાજીએ કોકણ જીત્યો, ને ફરીથી ઇ. સ. ૧૬૭૪ માં રાજ્યાભિષેક કરાવ્યો. તેણે ગોવળકાંડાના રાજા સાથે દોસ્તી બાંધી. પોતાના બાપની જાગીર પોતાના ભાઇ વ્યંકાજીના હાથમાં હતી. તેની ઉપજ પોતે લેવી ઠરાવી તેનો કારભાર વ્યંકાજીને સોંપ્યો. ઇ. સ. ૧૬૭૮.

શિવાજી ઇ. સ. ૧૬૮૦માં મરણ પામ્યો. તે પંડે શૂરવીર, પરાક્રમી અને ચતુર હતો. તેણે સ્વાર્થને માટે કેટલીક ક્રુરતા કરી છે પણ તે નિર્દય નહોતો. તેણે મૂલક જીત્યો, ને તેનો સારો બંદોબસ્ત કર્યો. તેના જેવા મરેઠામાં બીજો કોઇ મોટો પૂરૂષ થયો નથી.

મરેઠી રાજાનાં નામ અને તેનાં ગાદીએ બેઠાનાં વરસ

શિવાજી... ... ...૧૬૬૪

શંભાજી...	...૧૬૮૦
રાજારામ...	...૧૬૮૯
શિવાજી રજો... ...	... ..૧૭૦૦
શાહુ...	... .૧૭૦૮
રામરાજા...	...૧૭૪૮
શાહુ રજો...	...૧૭૭૭
પ્રતાપ સિંગ (બાળાસાહેબ)...	...૧૮૧૮
શાહાજી (આપા સાહેબ)...	... ..૧૮૪૦

શિવાજી પછી તેના સંભાજીને ગાદી મળી. વિધવા રાણીએ પોતાના નાના પુત્ર રાજારામને ગાદીએ બેસાડવાનો પ્રયત્ન કર્યો, તેથી શંભાજીએ તેને મારીનાખી રાજારામને કેદ કર્યો. શંભાજી કલુશાને રાજકારભાર સોંપી પોતે મોજશોખમાં પડયો. આ લાગ જોઈ આલમગીર દક્ષિણમાં આવ્યો, અને મોઆજીમને કોકણ જીતવા મોકલ્યો. શંભાજીએ આલમગીરની પછવાડે પડી બુરાનપૂર તથા નર્મદા નદી ઉપરનાં ઘણાં ખરાં શહેરો બાળી નાખી, ભરૂચ તથા ગુજરાતનો કેટલોક ભાગ ઉજડ કર્યો. મોઆજીમે ગોવળકોંડાના હાકેમ પાસે ખંડણી લીધી ને હૈદ્રાબાદ ઉજડ કર્યું. આલમગીરે બિજાપૂર લીધું, ને ગોવળકોંડાના રાજા ઉપર ખોટું તહોમત મૂકી તેનો મૂલક લઇ લીધો. ગોવળકોંડાના હાકેમને મોઆજીમ મળી ગયો છે, એવું ધારી આલમગીરે શાહજાદાને કેદમાં નાંખ્યો. પાદશાહે મહીસૂરના તાબામાં શંભાજીના બાપની જે જાગીર હતી, તે જપ્ત કરી તેના કેટલાક કિલ્લા લીધા. આલમગીરે શંભાજીને પકડી તેની આંખો ફોડી નંખાવી, તથા જીભ કાપી લીધી ને કલુશાનું માથું કપાવી નંખાવ્યું ઇ. સ. ૧૬૮૯.

પછી મરેઠા લોકોએ તેના પુત્ર શાહુને ગાદીએ બેસાડયો, ને રાજારામને તેનો કારભારી બનાવ્યો. શાહુરાજાની રાજધાની શત્રુએ જીતી લીધી. તેમાં તે પકડાયો. રાજારામ

જીંજીના કિલ્લામાં જતો રહ્યો. દક્ષિણમાં મરેઠા લોકે બંડ મચાવ્યું, તેમના આગેવાન સંતાજી ગોડપદ તથા દાનાજી જાદવ એ બે મૂખ્ય હતા. તેમણે મુગલ લોકોને ત્રાસ પમાડ્યો.

આલમગીરે પોતાના દીકરા કામબક્ષને જીંજીનો કિલ્લો સર કરવા મોકલ્યો, પણ સંતાજી તથા દાનાજી ૨૦ વીશ હજાર ઘોડેસ્વાર સહિત આવી કામબક્ષને હરાવ્યો. ને તેને સલાહ કરવાની જરૂર પાડી. કામબક્ષ સલાહ કરી પાછો ગયો. પછી આલમગીરના સરદાર જુલફિકરે જીંજીનો કિલ્લો લીધો. તેમાંથી રાજારામ નાશી ગયો. મરેઠા માળવા વીગેરે ભાગોમાં લૂંટફાટ કરતા હતા.

આલમગીર અહમદનગર ગયો. પણ મરેઠાઓએ તેનાં ઘણાં માણસની કતલ કરી. આલમગીર માંદો પડયો. પાછલાં કૃત્યો સંભારી તે ચિંતા કરતો હતો. તે ઇ. સ. ૧૭૦૭માં મરણ પામ્યો.

એના વખતમાં ઈંગ્રેજ લોકો સુરત તથા મુંબાઇમાં વેપાર કરતા હતા. ઇ. સ. ૧૬૯૩માં મુગલોનું એક વાહાણ મક્કે જતું હતું. તે ઇંગ્રેજી વાહાણના ખલાશીઓએ લઇ લીધું. તેનો નીવેડો કરવાને આલમગીરે ખાનજહાન ને મુંબાઈ મોકલ્યો હતો. ત્યાં તેનો ઘણો આદર સત્કાર થયો.

પ્રકરણ ૧૦ મું.

મુગલાઇ રાજ્યનો અંત.

આલમગીર પછી તેનો દિકરો મોઆજીમ મહા મુશ્કેલીથી ગાદી ઊપર બેઠો. તેણે આગ્રા આગળ પોતાના ભાઇ આજીમને હરાવ્યો. અને કામબક્ષને હૈદ્રાબાદમાં મારી નાંખ્યો. મોઆજીમે પોતાનું નામ બાહાદુરશાહ રાખ્યું હતું તેણે શાહુ રાજા સાથે સલાહ કરી. શાહુને પાદશાહના ભાઈ આજીમે છોડી દીધો હતો.

નાનકશાહે પંદરમા સૈકામાં નવો ધર્મ સ્થાપ્યો. પણ મુસલમાનોએ તેમને કનડવા માંડ્યા. તેથી સીખ લોકોએ ઇ. સ. ૧૬૦૬માં બંડ કર્યું. નાનકથી દશમો ગુરૂગોવિંદ થયો. તેણે પોતાના પંથના માણસોને ચાલવા તથા વર્ત્તવાના નિયમો કર્યા. ગુરૂ ગોવિંદને મુસલમાનોએ મારી નાંખ્યો. તેથી તેના પંથવાળાઓએ લાહોર સુધી મુલક ઉજડ કર્યો. બહાદુરશાહે તે લોકોને હરાવી પાછા કાઢ્યા એવામાં તે ઇ સ. ૧૭૧૨માં મરણ પામ્યો.

એના પછી એના મોટા દીકરા જહાંદારશાહને ઝુલફિકારખાંની મદદથી ગાદી મળી. તેણે પોતાના ભત્રીજા ફરોખશિર સિવાય બધાને મારી નંખાવ્યા હતા. ફરોખશિર પાદશાહ સાથે આગ્રા આગળ લઢ્યો. તેમાં જહાંદારશાહ હાર્યો. ને તેને તથા તેના વઝીર ઝુલફિકારખાંને મારી નાંખ્યા. આ વખતે બહારના સૂબેદાર સૈયદહુશેન, તથા અલહાબાદના સૂબેદાર સૈયદ અબદુલ્લા એ બે ભાઇઓ એ ફરોખશિરને મદદ કરી હતી. તેમની મદદથી ફરોખશિર ગાદી ઉપર બેઠો. તે વખત તેના સામા કેટલાક સરદારોએ બંડ કર્યું. પણ અસોફજાને સાદતખાં સિવાય બીજાનો તેણે નાશ કર્યો. અસોફજા દક્ષિણમાં તથા સાદતખાં અયોદ્ધામાં જઇ ત્યાંના સુબા થયા. પાદશાહ કમ અક્કલનો હતો, તેથી તેને વશ રાખવા સારૂ અબદુલ્લા તેની સાથે રહ્યો; અને દક્ષિણમાં મરેઠા લોકોને વશ કરવા. અસોફજાને ખસેડી હુસેન ત્યાંનો સૂબો થયો.

જોધપૂરના રાજા સાથે ચાલતી લડાઈ પાદશાહે તેની કન્યા વરવી ઠરેલી બંધ પાડી. એ વખતમાં પાદશાહને ઘણો મંદવાડ આવવાથી ઇંગ્રેજી દાકતર હામિલ્ટને તેને સાજો કર્યો, ને તે ઝટ જોધપૂર વાળી કુંવરીને પરણ્યો. પાદશાહે ખુશી થઇને ઇંગ્રેજી કંપનીને બંગાળાના ૩૭ તાલૂકાની જમીનદારીની, તથા તેના માલના હાંસલની માફીની સનદ આપી.

સિખ લોકો સાથે લડાઇ કરવાને પાદશાહનો એક સરદાર ફોજ લેઇને ગયો; તેણે તેમના સરદાર બંદુને ઘણોજ ક્રુર રીતે માર્યો.

દક્ષિણમાં મરેઠા સાથે હુશેન અલ્લીએ સલાહ કરી; તેમને ચોથ આપવાનું કબુલ કર્યું હતું. આ કરાર મંજુર કરાવવાને હુશેન ૧૦૦૦૦ મરેઠાની ફોજ લેઇને દિલ્હી આવ્યો. તેના સાથે પેશ્વાબાલાજી વિશ્વનાથ પણ હતો. કરાર ફરોખશિરે મંજુર રાખ્યા નહીં. ને અબદુલ્લાને પોતાની પાસેથી ખસેડવાનો વિચાર કર્યો. તેથી એ બંને ભાઇઓએ પાદશાહને મારી નાંખ્યો. ઈ. સ. ૧૭૧૯ એના પછી એક નાની ઊમરના શાહજાદા મહમદશાહને ગાદી મળી.

પાદશાહને મારી નાખવાથી અસોફજા સૈયદો ઉપર ક્રોધે ભરાઇ બંડ કરી. દક્ષિણમાં ગયો. તેને જીતવાને માટે સૈયદ હુસેન પાદશાહને લેઈને દક્ષિણમાં ગયો. માર્ગમાં કોઈ અરજી લેઈને આવનાર માણસે હુસેનને ખંજરથી મારી નાંખ્યો. મહમદ શાહે દિલ્હીને આગ્રા વચ્ચે શાહપૂર આગળ "ઇ. સ. ૧૭૨૦માં." અબદુલ્લાને હરાવ્યો, ને તેને કેદ કર્યો. પાદશાહે અસોફજાને વજીરાત આપી. પણ તેની બદફેલીથી કંટાળીને તે રાજીનામુ આપી દક્ષિણમાં જતોરહ્યો.

આ વખતે દક્ષિણમાં શાહુરાજાનો વજીર પેશ્વા બાલાજી વિશ્વનાથ હતો. એ ઘણો ચતુર હતો. બાલાજીના મુઆ પછી તેનો દીકરો બાજીરાવ પેશ્વા થયો. ફકત એના કરતાં શિવાજીજ ચડે એવો તે ચતુર હતો.

બાજીરાવે માળવા અને ગુજરાતપર ચડાઇ કરીને ચોથ લીધી. હૈદરાબાદમાં અસોફજાએ સુબાને મારી નાંખીને પોતાનો અમલ બેસાડયો. શંભાજીને શાહુ રાજાએ હરાવ્યો હતો. અસોફજાએ ગુજરાતમાં રહેલા મરેઠા સરદાર દાભાડે જોડે દોસ્તી કરી. બાજીરાવે દાભાડેને હરાવી. "ડભોઇ આગળ ઇ. સ. ૧૭૩૪માં" મારી નાંખ્યો. અને તેની

જગોએ તેના છોકરાને નીમ્યો. તે સગીર ઉમરનો હોવાથી તેનો વાલી પીલાજી ગાયકવાડને નીમ્યો બાજીરાવના પક્ષમાં મલ્હારરાવ હોલ્કર અને રાણાજીસિંધિઆ આવી મળ્યા હતા. તેથી તેઓ બાજીરાવની સાથે માળવા જીતી લેવા ગયા. અંતે ઇ. સ. ૧૭૩૪માં માળવા તેને વશ થયો.

ઈ. સ. ૧૭૩૦ માં ગુજરાતના સૂબાએ ચોથ નહીં આપી, ને ડાકોરમાં પિલાજી ગાયકવાડને મારી નાંખ્યો. તે ઉપરથી બાજીરાવે માળવે જઇ ત્યાંના મુસલમાન સૂબાને કાઢી મૂક્યો. ને જમના નદી ઉપરનું ઝાંસી શેહેર લેઇ લીધું.

બાજીરાવે મહમદશાહ પાસે કેટલોક મુલક તથા ખંડણી માગવાથી, પાદશાહે તે વાત ના પાડી અસોફજા જોડે દોસ્તી કરી. ઇ. સ ૧૭૩૬ માં ભોપાળ આગળ બાજીરાવ તથા અસોફજાને લડાઇ થઈ તેમાં અસોફજા હાર્યો, ને નર્મદાથી તે ચંબલ સુધીનો મૂલક તથા પચાશ લાખ રૂપીઆ પાદશાહ કનેથી બાજીરાવને અપાવવાનો કરાર લખી આપ્યો.

અફગાન લોકોને ઇરાની લોકો કનડતા હતા. તેથી તે લોકોએ ઇ. સ. ૧૭૨૨માં ઇરાન ઉપર સ્વારી કરી. ને ઇસ્ફાન શેહેર જીતી લીધું. ત્યાંના હુસેન પાદશાહને કાઢી મૂક્યો ત્યાર પછી નાદિરકુલી કરીને એક મોટો યોદ્ધો ઉત્પન્ન થયો, તેણે ફોજના જમાવ કરીને અફગાન લોકોને ઈરાનમાંથી કાઢી મૂક્યા, ને તે લોકોની પાછળ કંદહાર સુધી આવ્યો. બીજા સરદારોની પેઠે હિંદુસ્તાનનો વૈભવ ને લક્ષ્મી જોઈ તે લોભાયો. તે સિંધુ નદી ઉતરી રસ્તામાં મુગલાઇ ફોજને હરાવી દિલ્હી આવ્યો. દિલ્હીમાં તેણે કતલ ચલાવી ૩૦ હજાર માણસોના પ્રાણ લીધા, ને દિલ્હી લૂંટી પાછો ગયો ઇ સ. ૧૭૩૮.

નાદિરશાહના ગયા પછી બાજીરાવ પેશ્વાનો ઈ. સ. ૧૭૪૦માં કાળ થયો. બાજીરાવ પેશ્વાએ સાષ્ટી તથા વગ

પોર્ટુગીઝ લોકોપાસેથી લેઈ લીધાં હતાં. એણે જંજીરાના હબસી તથા કોલાબાના ચાંચિઆઓ સાથે લડાઇ કરી, પણ તેમાં હાર્યો. તેને બાલાજી, રાઘોબા ને સમશેર બહાદૂર એ ત્રણ દીકરા હતા. બાજીરાવના મૂઆ પછી તેના દીકરા બાલાજીને પેશવાઇ મળી. રાઘોબા એ છેલ્લા પેશવા બાજીરાવનો બાપ થાય સમસેર બહાદૂરનું રાજ્ય બુંદેલખંડમાં હતું. દામાજી ગાયકવાડ ને રાઘોજી ભોંસલા એ બે બાળાજીના શત્રુ હતા. ઇ. સ. ૧૭૪૯માં શાહુ રાજા મરણ પામ્યો એ શાહુને દીકરો નહીં હોવાથી રાજારામના "પૌત્ર" રામરાજાને ગાદી મળી. રાજારામની સ્ત્રી તારાબાઈ ગાયકવાડને મળી ગઇ, અને રામરાજાને કેદ કર્યો. પછી અસોફજાના દીકરા સલાબતજંગ સાથે તારાબાઇ મળી ગઇ. ને તેને બાળાજી સામે લડવા મોકલ્યો. એ વખતે સલાબતજંગની મદદે ૫૦૦ ફ્રેન્ચ લોકો બુસીની સરદારી નીચે ગયા હતા; પણ તે બંન્નેને હારી પાછા જવું પડયું ઇ સ. ૧૭૫૨.

નાદિરશાહના મરણ પછી અહમદખાંને કંદહારમાં રાજપદવી મળી. તે પણ હિંદુસ્તાનની લક્ષ્મીથી લોભાઇને સતલજ સુધી આવ્યો. ત્યાં આગળ તેને મહમદશાહના શાહજાદા અહમદે હરાવી પાછો કાઢયો. દિલ્હીનો પાદશાહ મહમદ મરણ પામ્યો તેની જગાએ અહમદશાહ ઇ સ. ૧૭૪૮ માં ગાદી ઉપર બેઠો. અહમદશાહના વખતમાં રોહીલા નામે લૂંટારા લોકો મૂલક દબાવી પડયા હતા. તે મૂલકને હાલ રોહીલખંડ કહે છે. બંગાળાનો સૂબેદાર પણ સ્વતંત્રથયોહતો.

અહમદશાહના વખતમાં અહમદ દુર્રાની હિંદુસ્તાન પર ચડી આવ્યો. તેથી તેને પાદશાહે પંજાબ આપ્યું. ગાજીઉદ્દીન જે અસોફજાનો* પૌત્ર થાય. તેણે મલ્હારરાવ હોલકરને મદદે બોલાવી પાદશાહને પકડી લીધો. ને તેની

---

* અસોફજાનું બીજું નામ ચીનકીલીચખાં કે નિઝામ ઉલમૂલ્ક હતું.

આંખો ફોડી નાંખી, પદભ્રષ્ટ કર્યો. ને તેને કેદ કરી તેની જગોએ ઇ. સ. ૧૭૫૪માં પાદશાહી કુંટુંબમાંથી એક જ-ણને ગાદીએ બેસાડયો. તેનું નામ આલમગીર બીજો એવું પાડયું. ગાજીઉદ્દીને પંજાબના સૂબાને કેદ કર્યો. તેથી અ-હમદ દુર્રાનીને ક્રોધ ચડયો. તેણે આવી દિલ્હી લેઇ લીધું. મથુરામાં જઈ ત્યાંના પૂજારીઓને કાપી નાંખ્યા પછી તેની ફોજમાં રોગ ચાલ્યાથી તે પાછો જતો રહ્યો ઇ. સ. ૧૭૫૭.

ગાજીઉદ્દીને તથા રાઘોબાએ મળીને અહમદશાહે મૂ-કેલા દિલ્હીના સૂબાને કાઢી મૂક્યો. પંજાબ પણ સર કરીને દુર્રાની લોકોને ત્યાંથી કાઢી મૂક્યા. તેથી અહમદ દુર્રાની પાછો ભરતખંડમાં આવ્યો. તે વખતે ગાજીઉદ્દીને આલ-મગીરને મારી નાંખ્યો ને તેની જગોએ એક છોકરાને ગા-દીએ બેસાડયો. દિલ્હી આગળ મરેઠાના સરદાર સદાશિવ-ભાઉએ અહમદને હરાવ્યો. ને દિલ્હી જીતી લીધી.

અહમદ દુરાની ઇ. સ. ૧૭૬૦માં અયોધ્યા ગયો. ત્યાં-ના સૂબા સુજાઉદ દોલા તથા રોહીલાના સરદાર નજીબઉ-દદૌલાને મેળવી તે દિલ્હી ગયો. પછી પાણીપતના મેદાનમાં મરેઠાની ફોજ તેના સામી થઈ. તેનો ઊપરી સદાશિવરાવ ભાઉ હતો. તેની જોડે વિશ્વાસરાવ, ભરતપૂરનો જાટ રાજા શૂરજમલ તથા બીજા રજપૂત રાજાઓ હતા. તેની પાસે મરેઠા તથા બીજાં મળી ૩ લાખ માણસ હતાં. અહમદ પાસે દેશીઓ તથા ઇરાનીઓ મળી ૯૧ હજાર માણસો હતાં. દુરાની પોતાનાં થોડાં માણસોને લીધે છાનો માનો બેશી રહ્યો, પણ મરેઠાઓ એ પ્રથમ તેમને ઘેરી આવતો ખોરાક બંધ કર્યો. અહમદશાહે શત્રુ ઉપર એક ટુકડી મો-કલી, તેણે જઇ ગોવીંદરાવ બુંદેલાને હરાવી તેને મારી [illegible]ખ્યો, ને પોતાનો ખોરાક ચાલતો કર્યો. ભાઉની મરજી લાહ કરવાની હતી, પણ મરેઠા સરદારોએ ના પા[illegible] તેણે નિરાશ થઈ લડાઇની તૈયારી કરી.

થોડા વખત પછી બંને ફોજ વચ્ચે લડાઇ શરૂ થઈ ઇબ્રાહીમ ગાર્દીએ રોહીલાને હરાવ્યા. ભાઇ સાહેબે ને બાબાજીના દીકરા વિશ્વાસરાવે દુર્રાની લોકોને હરાવી નસાડયા. અહમદશાહે આવી તેમને અટકાવ્યા; ને શત્રુ ઉપરડાબી બાજુએથી ધસારો કર્યો, ને તેમને નસાડ્યા. તારીખ ૬ઠી જાનેવારી સને ૧૭૬૧. આ લડાઇમાં વિશ્વાસરાવ, ભાઉસાહેબ, ઇબ્રાહીમ તથા બાજી મરેઠાનાં બે લાખ માણસ મૂઆં. બાળાજીપેશ્વા પણ સૈન્ય લેઇ આવતો હતો. તેને ગોદાવરીને તીરે આ ખબર મળવાથી તે પૂના તરફ ગયો, ને ત્યાં મરણ પામ્યો. અહમદ દુર્રાની પણ પોતાને દેશ ગયો. તે ફરીથી ભરતખંડમાં આવ્યો નહીં.

અહમદ દુર્રાનીએ લડાઇમાં પાછા દિલ્હી આવી શાહઆલમને દિલ્હીની ગાદીએ બેસાડયો હતો. પાદશાહના પુત્ર જુવાન બખ્તે પાદશાહી તારવા માટે ઘણા ઉપાયો કર્યા, પણ તે વ્યર્થ ગયા. ઇ. સ. ૧૭૮૬માં વૃદ્ધ પાદશાહની ગુલામકાદરે આંખો ફોડી. તેનાથી પાદશાહ છુટી ઈ. સ. ૧૮૦૩ સુધી મરેઠા પાસે રહ્યો. તેજ સાલમાં ઇંગ્રેજ સરદાર લાર્ડ લેકે દિલ્હી જીતી એને દુઃખથી છોડવ્યો. તે ઈ. સ. ૧૮૦૬માં મરણ પામ્યો. તેના પછી તેના શાહજાદા અકબર બીજાએ ઇંગ્રેજ સરકારના આશરા તળે રાજ્ય કર્યું, ને ઇ. સ. ૧૮૩૭માં તે મરણ પામ્યો. તેના પછી મુગલવંશનો છેલ્લો પાદશાહ મહમદ બહાદુરશાહ થયો. એ પાદશાહ ઈ. સ. ૧૮૫૭ માં હિંદુસ્તાનમાં ભારે બળવો થયો. તેમાં મળી ઘણા ઇંગ્રેજોનાં ખુન કરવામાં સામીલ થયો, તથી ઇંગ્રેજ સરકારે તેને દેશનિકાલ કરી દિલ્હી ખાલસા કર્યું. ને તેના કુટુંબનો નાશ કર્યો. એવી રીતે મુગલાઇ રાજ્યનો અંત આવ્યો.

સમાપ્ત.

